ગુજરાતના


# લોકોત્સવો અને મેળા





# ગુજરાતના
# લોકોત્સવો અને મેળા






પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.
વર્ષ : ૨૦૧૯-૨૦

सत्यमेव जयते



એકધારા જીવનથી જયારે કંટાળાનો અનુભવ થવા લાગે ત્યારે ઉત્સવોનું આગમન મનુષ્ય માત્રને ઊર્જાનો સંચાર પૂરું પાડવાનું ઉત્તમ કામ કરે છે. ગુજરાતના લોકો ઉત્સવ પ્રિય છે . ઉત્સવો અને લોકો વચ્ચેનો અનન્ય સંબંધ લોકોત્સવ બની સમાજ તેમજ કુટુંબો વચ્ચે એકતા અને સંવાદિતા સ્થાપવાની અનેરી કામગીરી કરે છે.

ઉત્સવોનું આગમન એટલે ઉલ્લાસનું-આનંદનું આગમન. રોજિંદા જીવનને નાવિન્યપૂર્ણ બનાવવાનું શ્રેષ્ઠ કાર્ય ઉત્સવો કરી જાય છે.

ભારતની જેમ જ ગુજરાતમાં પણ વિવિધતામાં એકતા સમાયેલી પ્રત્યક્ષ થાય છે. ગુજરાત રાજયની પોતાની એક આગવી ઓળખ છે. ગુજરાતમાં ઉજવાતા વિવિધરંગી મેળાઓ પણ તેમાં અનન્ય સ્થાન ધરાવે છે. દરેક મેળાઓ પણ તેમની અલગ વિશેષતાઓને લીધે લોકપ્રિય છે. ગુજરાતમાં વસતા વિવિધ ધર્મ, જાતિ, ભાષાના લોકો પોત-પોતાના રીતિ-રિવાજો અનુસાર હર્ષોલ્લાસ સાથે ઉત્સવો ઉજવી **"સ્વ તથા પર"**ને પણ આનંદ અર્પિત કરતા હોય છે.

ગુજરાતી લોકોના અભિન્ન અંગ એવા ઉત્સવો ગુજરાતીઓના હૃદયના ધબકારા સમાન છે. ગુજરાતના મેળાઓ અને લોકોત્સવોને આવરી લેતું **"ગુજરાતના લોકોત્સવો અને મેળા"** નામના પુસ્તકનું માહિતી ખાતા દ્વારા પ્રકાશન થયું છે જે આપણી ભાવિ પેઢી માટે માર્ગદર્શક બની રહેશે. પુસ્તકના પ્રકાશન પ્રયાસ માટે શુભેચ્છા.

**(વિજયભાઈ રૂપાણી)**

મુખ્ય મંત્રી, ગુજરાત રાજય



'જીવવું' અને 'જીવંત' હોવુ બંન્ને વચ્ચે તફાવત છે. ઉત્સવો મનુષ્યને જીવંત રાખે છે. ઉત્સવો જીવનમાં ઉત્સાહ, ઊર્જા અને ઉમંગના ઊંજણનું કામ કરે છે. ઉત્સવ એટલે જ અનેરો આનંદ. ભારતીય સંસ્કૃતિની વિશ્વભરમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરવામાં ઉત્સવો મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં થતા નવલા નોરતા વિશ્વભરમાં સૌથી લાંબો સમય ચાલતા નૃત્ય મહોત્સવ તરીકેની ઓળખ ધરાવે છે. ગુજરાતમાં ઉજવાતા ઉત્સવોમાં મેળાઓ આનંદનું આગવું માધ્યમ બની રહે છે. ગુર્જરભૂમિ પર થતા મેળાઓ પ્રાદેશિક જીવનનું પ્રતિબિંબ છે. મેળાઓ અને ઉત્સવોમાં પ્રાદેશિકતા ધબકે છે.

ગુજરાતની ધરતી પર હજારો વર્ષોથી કલા, સંસ્કાર અને આનંદોત્સવનો મઘમઘાટ મહેકતો રહ્યો છે. આ મઘમઘાટ સમગ્ર વિશ્વના સહેલાણીઓને ગુજરાત ભણી ખેંચી લાવે છે. ગુજરાતની સંસ્કૃતિની આ પ્રેરક સુગંધ પ્રત્યેક ગુર્જરવાસી સુધી પહોંચાડવાનું કાર્ય માહિતી ખાતાના **"ગુજરાતના લોકોત્સવો અને મેળા"** પુસ્તક દ્વારા કરવામાં આવ્યું છે. આ પુસ્તકીય પ્રકાશન ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતું માધ્યમ બની રહેશે તેવી મને પૂર્ણ શ્રધ્ધા છે.

**"ગુજરાતના લોકોત્સવો અને મેળા"** પુસ્તકના પ્રકાશનને હૃદયપૂર્વકની શુભેચ્છા.

**(અશ્વિનીકુમાર )** આઈ.એ.એસ.
**સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ**



## પ્રકાશકીય...

આપણી વૈવિધ્યસભર સંસ્કૃતિએ આપણને અનેક ઉત્સવોની ભેટ આપી છે. સમગ્ર દેશમાં સમૃધ્ધ અને વિશ્વભરમાં પ્રખ્યાત એવો ગુજરાતનો શ્રેષ્ઠ કલાવારસો આજે પણ આપણને એવો જ આબેહૂબ ધબકતો જોવા મળે છે. ગુજરાતી લોકજીવનના અનેકવિધ રંગબેરંગી પાસાં અને લોકજીવનની વિશિષ્ટ છાપ લોકસમૂહ દ્વારા ઠેર ઠેર ઉજવાતા લોકોત્સવો અને લોકમેળામાં દૃષ્ટિગોચર થાય છે .

મેળાઓ અને ઉત્સવો એકધારા જીવનમાં ચેતનાનો નવો સંચાર કરે છે. આવા મેળાઓ અને ઉત્સવોમાં મનુષ્ય આનંદ વહેંચે છે. માનવજીવનમાં આનંદ, ઉલ્લાસ અને ચેતનાના રંગછાંટણા નાખી લોક હૈયાને હિલોળે ચડાવનાર મેળાઓ સદાયે મોખરે રહયાં છે.

પ્રાચીન સંસ્કૃતિ, વૈભવપૂર્ણ વારસો ધરાવતી ગુજરાતી ભૂમિ પર અવનવા અનેક પ્રકારના ઉત્સવો - મેળાઓ યોજાય છે, જે જાણ્યે અજાણ્યે સંસ્કૃતિનું જતન કરે છે. ભાવિ પેઢી પ્રાચીન વારસો જાણવા ઈન્ટરનેટ પર ગુગલમાં જઈને સર્ચ કરવાને બદલે જે તે સ્થળે જઈને જાત અનુભવથી એ માણે અને તેની આવનારી પેઢી પણ તેને વારસા સ્વરૂપે આ ભાતીગળ સંસ્કૃતિ સાચવે તેવી અભ્યર્થનાને ધ્યાનમાં રાખી આ **"ગુજરાતના લોકોત્સવો અને મેળા"** પુસ્તક પ્રસિદ્ધિ કરાયું છે. આ પુસ્તકમાં ગુજરાતના મેળા અને ઉત્સવો વિષય પરના અભ્યાસુ અને અનુભવી લેખકોના આધારભૂત પુસ્તકો અને લેખોનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો છે. મને વિશ્વાસ છે કે, ગુજરાતની ખમીરવંતી પ્રજાની ઉત્સવપ્રિયતાને ઉજાગર કરતું આ પુસ્તક સૌ કોઈ માટે ઉપયોગી માહિતીનો સંપુટ બની રહેશે.

(અશોક કાલરીયા)
માહિતી નિયામક



# અનુક્રમણિકા

## પ્રાચીન મેળા


| | |
|---|---|
| તરણેતરનો મેળો | ૧૦ |
| શિવરાત્રિનો ભવનાથનો મેળો | ૧૨ |
| માધવપુર ઘેડનો મેળો | ૧૪ |
| સોમનાથનો કાર્તિકી પૂર્ણિમાનો લોકમેળો | ૧૬ |
| નકળંગનો મેળો | ૧૮ |
| કચ્છના મેળા | ૨૦ |
| અંબાજીનો મેળો | ૨૪ |
| ચૈત્રી પૂનમનો મેળો (બહુચરાજી) | ૨૬ |
| શામળાજીનો મેળો | ૨૮ |
| મીરાં દાતારનો મેળો (ઉનાવા) | ૩૦ |
| ચિત્ર-વિચિત્રનો મેળો | ૩૨ |
| કાત્યોકનો મેળો (સિદ્ધપુર) | ૩૪ |
| વરાણાનો મેળો (વઢિયાર પંથક) | ૩૬ |
| પલ્લીનો મેળો (રૂપાલ) | ૩૮ |
| કાળીયા ઠાકોરનો મેળો (ડાકોર) | ૪૦ |
| વૌઠાનો મેળો (ધોળકા) | ૪૨ |
| ભરૂચના મેળાઓ | ૪૪ |
| ક્વાંટનો મેળો | ૪૬ |
| ગાય-ગૌહરીનો મેળો | ૪૮ |
| ચૂલનો મેળો | ૫૦ |
| ગોળ-ગધેડાનો મેળો | ૫૨ |
| ડાંગ દરબાર | ૫૪ |


## લોકોત્સવો


| | |
|---|---|
| પતંગ મહોત્સવ (મકરસંક્રાંતિ) | ૫૮ |
| રણોત્સવ | ૬૨ |
| નવરાત્રિ મહોત્સવ | ૬૬ |
| દિવાળી | ૬૮ |
| દશેરા | ૭૦ |
| ઉતરાર્ધ ઉત્સવ (મોઢેરા) | ૭૨ |
| તાના-રીરી મહોત્સવ (વડનગર) | ૭૪ |
| કાંકરિયા કાર્નિવલ | ૭૮ |



# પ્રાચીન મેળા

મેળા એ માનવ હૃદયના ઉલ્લાસનું મોંઘેરું પર્વ છે. મેળામાં ધર્મ, સંસ્કૃતિ અને માનવ હૈયાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. મંગલમય ધર્મ સાથે એકતાના તાણાવાણાથી લોકજીવનમાં વણાયેલા અનેરાં આનંદોત્સવો પ્રાકૃતિક સૌંદર્યના ઉપાસકોની આગવી દેણ છે. માનવજાતને આનંદિત કરે એનું નામ ઉત્સવ અને મેળા.

મેળા અને ઉત્સવો એક પ્રકારના આનંદ અને ઊર્મિનો ઊભરો છે. લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોક ઉત્સવ અને લોકમેળામાં દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોક ઉત્સવો અને લોકમેળામાં જ પડેલાં છે. દરેક મેળાનું રૂપ અને તેમાંની પ્રવૃત્તિઓ જુદી જુદી હોય છે. આપણા પૂર્વજોનો મૂળભૂત ઉદ્દેશ આપણી ભારતીય સંસ્કૃતિના વારસાનું જતન કરવાનો હોવાથી મેળાઓની શરૂઆત થઈ હશે તેમ કહી શકાય.

મેળો એટલે હળવું-મળવું, પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલા સ્થળે ભેગા થવું. ધર્મની ધજા ફરકાવતા ધાર્મિક સ્થળોએ માનવ મહેરામણ એકઠો થાય છે. મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે. 'મેળો' એવું નામ કદાચ મોડેથી પ્રચલિત થયું હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અસંખ્ય પુરાવા પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. દરેક મેળાની સાથે તેના



મહાત્મ્ય અને જે તે સ્થળની પ્રાચીનતાનો ઇતિહાસ સંકળાયેલો જોવા મળે છે.

આજે મેળો એક ઉત્સવ બની ગયો છે જેમાં અબાલવૃદ્ધ સૌ કોઈ ઉમંગભેર ભાગ લે છે. દેશનું પ્રત્યેક રાજ્ય આવા મેળાઓથી સભર છે જેમાં ગુજરાતને શિરમોર ગણી શકાય. મેળામાં લોકજીવનનો ઉમંગ ઉત્સાહ, લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતાનો સ્વાભાવિક આનંદ છતો થાય છે. ગુજરાતમાં સ્વર્ણિમ ગુજરાતની શાન જેવા આશરે ૧૫૧૭ મેળાઓ ભરાય છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં ૪૨૫ મેળાઓ યોજાય છે. જાતિ પ્રમાણે જોઈએ તો હિન્દુઓના ૧૨૯૩, મુસ્લિમોના ૧૭૫, જૈનોના ૨૧, લોકમેળા-૧૪, ધંધાદારી મેળા-૧૩ અને પારસીઓનો ૧ મેળો યોજાય છે.

પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિ કૃષિ પ્રધાન સંસ્કૃતિ હોવાથી પંચાંગ, ઋતુઓ અને ખેતીનાં કામકાજની જરૂરિયાતો સાથે ઉત્સવો અને મેળાઓની ઉજવણીનો સમય ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. ચોમાસાની ઋતુમાં શ્રાવણ અને ભાદરવા માસમાં પૂર્ણિમા અને અમાસના દિવસોમાં સૌથી વધુ મેળાઓ યોજાય છે. મેળાઓની બીજી મોસમ ઓક્ટોબર-નવેમ્બર માસમાં આવે છે અને ત્રીજો ગાળો ફેબ્રુઆરીથી એપ્રિલ માસનો છે. સામાન્ય રીતે ડુંગરાઓ અને નદીઓની રમણીય જગ્યાઓએ મેળાઓ યોજાય છે. આમ, મેળો માનવીને આનંદ, ખરીદી અને દેવદર્શનની અમૂલ્ય તક પૂરી પાડે છે. દૂર દૂરથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને આવેલા નર-નારીઓથી મેળો એક રંગભર્યો ઉત્સવ બની રહે છે. મેળાઓ આખો દિવસ મહેનત કરતાં માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી, એના હૈયાંને હળવું બનાવી આનંદથી ભર્યું-ભાદર્યું બનાવે છે.





# તરણેતરનો મેળો









ગુજરાતના અનેક લોકમેળાઓમાં સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં આવેલા ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવે છે.

ત્રિનેત્રેશ્વર નામનું અપભ્રંશ થતાં ગામનું નામ તરણેતર થયું. પ્રાગ ઐતિહાસિક કાળમાં સૌરાષ્ટ્ર વિસ્તાર દ્વિપકલ્પ હતો. પાછળથી તે પાંચાળ તરીકે ઓળખાયો. સ્કંદપુરાણમાં એવો ઉલ્લેખ છે કે, ભગવાન વિષ્ણુએ શિવજીને પ્રસન્ન કરવા માટે તપસ્યા કરી અને તેઓને ૧૦૦૧ કમળ ચડાવવાના હતા. મૂર્તિ ઉપર ૧૦૦૦ કમળ થઈ ગયા અને છેલ્લું ૧ કમળ ખૂટ્યું ત્યારે તેમણે પોતાનું નેત્ર શિવજી ઉપર ચડાવ્યું ત્યારથી તે ત્રિનેત્રેશ્વર કહેવાયા.

બીજી એક દંતકથા મુજબ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરની ફરતા કુંડમાં પાંચ ઋષિઓએ ભેગા થઈ ગંગાજીના અવતરણ માટે આહ્વાન કરી ગંગાજીનું પ્રાગટ્ય કર્યું. તેની પાછળનો ઉદ્દેશ કદાચ તે હોઈ શકે કે આ વિસ્તારની ગરીબ પ્રજા કદાચ

ગંગાજી સુધી હરિદ્વાર કે ઋષિકેશ ન જઈ શકે તો અહીં ગંગાજી શા માટે ન આવે? ગંગાજીના અવતરણને નિમિત્ત બનાવી માણસો પોતાના પિતૃઓનું અસ્થિ વિસર્જન વગેરે જેવા ધાર્મિક કાર્યો કરવા માટે ઋષિપંચમીના દિવસે તરણેતર આવતા થયા.

પાંચાળ ભૂમિની તળપદા કોળી જ્ઞાતિમાં આ મેળાનું સૌથી વધુ મહત્ત્વ છે એટલે એક તરણેતરનો મેળો જાય, કે તરત જ બીજા મેળાની તૈયારી શરૂ થઈ જાય. બળદ માટેના શણગાર અને અમુક અમુક ગામના બળદગાડા વખણાતા. તરણેતરના મેળામાં રૂપાળા ભરત ભરેલ, મોતી, બટનીયાં, આભલાં અને ફૂમતા-રૂમાલથી શણગારેલી છત્રીઓ પણ આકર્ષણનું કેન્દ્ર હોય છે. દરેક ગામના બળદગાડાના અલગ અલગ ઉતારા હોય છે. એ ઉતારામાં લોકો ત્રણ દિવસ સુધી રોકાય છે.

તરણેતરનો મેળો એટલે આનંદ, યુવાની અને કળાનો અનેરો સંગમ. ભાદરવા સુદ ત્રીજના દિવસે સવારે મહાદેવના પૂજનથી મેળાની શરૂઆત થાય. ત્યારબાદ ચોથના દિવસે રંગત જામે, યૌવન ખીલે અને રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલે. ટીટોડો અને હૂડારાસ એ તરણેતરના મેળાનું આગવું અંગ છે. ત્યારબાદ ઋષિપાંચમે વહેલી સવારે ગંગા અવતરણ આરતી બાદ પાળિયાદના મહંત દ્વારા ત્રિનેત્રેશ્વર મહાદેવને બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે. આ દિવસે મંદિરની ત્રણ દિશાઓમાં આવેલા કુંડમાં ન્હાવાનું અનેરું મહાત્મ્ય છે. સાંજે ગંગા વિદાય આરતી થાય છે.

તરણેતરના મેળાને યુવાન પ્રેમીઓનું મિલન સ્થળ પણ કહી શકાય. સગપણના નાતે જોડાયેલા યુવક-યુવતીઓ જો મેળામાં મળી જાય તો તેમના આનંદની સીમા ન રહે. તેના વિકલ્પરૂપે ત્યાં એક નાની બનેવી બજાર પણ ભરાય છે. અહીં બનેવીના પૈસાથી ખરીદી થતી હોવાની પ્રથાને કારણે બનેવી બજારનું નામ





અપાયું છે.

પાંચાળ વિસ્તાર મજબૂત બાંધાના માણસોનો વિસ્તાર છે. આ મેળામાં ગ્રામીણ રમતોને જીવંત કરવા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતે પહેલ કરી છે પરિણામે બહોળી સંખ્યામાં યુવાનો ભાગ લે છે. આ મેળામાં રાજ્ય સરકારે બીજું મહત્ત્વનું કાર્ય પશુ પ્રદર્શન સ્પર્ધા યોજવાનું કર્યું છે. વર્ષ ૨૦૦૮થી પશુ પ્રદર્શન સ્પર્ધામાં શ્રેષ્ઠ ગુણધર્મોવાળા પશુઓ તેના થકી મળતું ઉચ્ચ વળતર તથા તેમનું સારામાં સારી રીતે પાલન કઇ રીતે કરી શકાય તે બાબતોનું જ્ઞાન આપવામાં આવે છે.

આમ મેળો લોકજીવનને આનંદથી મઘમઘતું બનાવી નવી ચેતનાનો સંચાર કરે છે. રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે થતા અનેકવિધ પ્રયાસો થકી આ મેળો દેશના સીમાડાઓ વટાવીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મેળો બન્યો છે.

# શિવરાત્રિનો ભવનાથનો મેળો

જૂનાગઢના ગિરનારની તળેટીમાં સુર્વણરેખા નદીના કિનારે ભવનાથ મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે. ભવનાથના સ્વયંભૂ શિવલિંગના મંદિરની પૃષ્ઠભૂમિ અદ્‌ભુત (નિસર્ગ) વનશ્રીથી રળિયામણી લાગે છે. આ સ્થળે દર વર્ષે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે મહાવદ અગિયારસથી મહાવદ અમાસ સુધી યોજાતો ભવનાથનો મેળો ગુજરાતના અગત્યનાં મેળાઓમાંનો એક છે. જૂનાગઢ જિલ્લામાં વર્ષ દરમિયાન ૧૧ જેટલા ઉલ્લેખનીય મેળાઓ ભરાય છે. જેમાં કારતક સુદ-અગિયારસથી પૂનમ સુધી લીલી પરિક્રમા, અમાસ, ભવનાથ ખાતે મહાવદ-ચૌદસને દિવસે મહાશિવરાત્રીનો મેળો, પરબવાવડી અને સત્તાધાર ખાતે અષાઢ સુદ-બીજનો મેળો, સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવ ખાતે કાર્તિકી પૂર્ણિમાનો મેળો, પ્રાચીન તીર્થ ખાતે ચૈત્ર સુદ તેરસ-ચૌદસનો મેળો, વેરાવળ ખાતે ભાદ્રપદ સુદ-અગિયારસનો રામદેવ પીર - જલેશ્વરનો મેળો મહત્ત્વના અને દર્શનીય મેળા છે.





પ્રખ્યાત ભવનાથના મેળામાં મહાશિવરાત્રિની મધ્યરાત્રિએ ભગવાન ભવનાથની મહાપૂજા થાય છે. મહાપૂજાના દર્શન કરવા આસપાસના વિસ્તારો ઉપરાંત ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ખૂણે ખૂણાથી સાધુ, સંતો અને નાગાબાવાઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. લોકો માટે ઠેર ઠેર અન્નક્ષેત્રો ખૂલે છે. મેળા દરમિયાન સંતો, અને અલખના આરાધકો ભવનાથ મહાદેવના સાનિધ્યમાં ધૂણી ધખાવી સત્સંગ કરે છે. લોકોને આકર્ષતા નાગાબાવાઓના હાથમાં લાકડી-તલવાર, શરીરે ભભૂત અને મસ્તક પરનો જટાધારી દેખાવ ભવનાથના મેળાને ગુજરાતના અન્યમેળાથી અલગ રંગ આપે છે.

મહાવદ નોમના દિવસે ભવનાથના મંદિર ઉપર ધર્મ અને સંસ્કૃતિની ધજા ચડાવવામાં આવે છે. આ સમયે નાગાબાવાઓ હાથીઓ પર સવારી કરી શંખ ધ્વનિ કરતા અને જાત-જાતના વાદ્યો વગાડતા મહાદેવનો જયનાદ કરે છે. આ સ્થળે મુચકુંદ, ભર્તુહરી અને ગુરુદત્તની ગુફાઓ પણ જોવા મળે છે. અહીં લાખોની સંખ્યામાં ઉમટતા લોકો માટે મોટા તંબુઓ બાંધવામાં આવે છે. જેમાં એક સાથે ૩૦૦-૪૦૦ લોકો રહી શકે છે. રાત્રે સાધુ-સંતો ભજન મંડળી જમાવે છે. આ અલૌકિક મેળો લગભગ ૧૦ દિવસ ચાલે છે. અહીં લોકો માટે સરકાર દ્વારા કરવામાં આવતી વાહન વ્યવસ્થા પ્રશંસનીય હોય છે.

ભવનાથના મેળા માટે સ્કંદ પુરાણમાં એક કિસ્સો આપેલો છે. આ દંતકથા મુજબ જ્યારે શિવ-પાર્વતી રથમાં આકાશમાં જતા હતા ત્યારે તેમનું દિવ્ય ઘરેણું નીચે ભવનાથ મંદિર પાસે પડ્યું. આથી તેને 'વસ્ત્રપૂતક્ષેત્ર' એવું કહેવામાં આવે છે.

મહાશિવરાત્રિના દિવસે થતી મહાપૂજાના સમયે શંખોના ધ્વનિ સાથે નીકળેલું નાગાબાવાઓનું સરઘસ, તેઓનું મૃગીકુંડમાં સ્નાન અને ગિરનારની તળેટીમાં થતો શંખનાદ એક આધ્યાત્મિક અનુભવ હોય છે. કહેવાય છે કે, મૃગીકુંડમાં ન્હાવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. નવનાથ અને ૮૪ સિદ્ધોના સ્થાનક એવા ગિરનારમાં ભર્તુહરિ, ગોપીચંદ અને અશ્વસ્થામાં રહે છે અને શિવરાત્રીના દિવસે આ સિદ્ધો મૃગીકુંડમાં ન્હાવા આવે છે. વળી એવી પણ માન્યતા છે કે, સિદ્ધો એકવાર આ કુંડમાં ન્હાવા પડે છે પછી બહાર દેખાતા નથી. જૂનાગઢમાં ગિરનારનું આધ્યાત્મિક સ્વરૂપ ભવનાથના મેળાના દિવસોમાં જાણે ઝળાહળ થઈ પ્રગટી ઉઠે છે.



# માધવપુર ઘેડનો મેળો



સૌરાષ્ટ્રના પોરબંદર પંથકમાં આવેલા માધવપુર-ઘેડ વિસ્તારમાં ચૈત્ર સુદ-નોમથી સુદ-તેરસ સુધી માધવરાય એટલે કે ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મણીનો વિવાહ પ્રસંગ યોજાય છે. આ લગ્ન સમારંભને માણવા દેશભરમાંથી શ્રીકૃષ્ણના ભક્તજનો એકઠા થાય છે અને મહેરામણ સર્જાય છે જે મેળાનું સ્વરૂપ ધારણ કરે છે.

પ્રથમ દિવસે ગણપતિની સ્થાપના કરી લગ્ન પત્રિકા મોકલાય છે. પછી શ્રીકૃષ્ણની ભવ્ય રૂડી જાન જોડાય છે. આ મેળામાં કચ્છથી મેર જાતિના લોકો ખાસ જોડાય છે. તેઓ તેમના સજાવેલા ઊંટ લઈને આવે છે. શ્રીકૃષ્ણની જાન વખતે લોકો ભક્તિ, કિર્તન અને રાસની રમઝટ બોલાવે છે.

આ મેળામાં નવ પરણિત યુગલો ખાસ જોડાય છે. આ સિવાય યુવાનો પણ એકબીજાને પરણવા માટે પ્રાર્થના કરતા જોવા મળે છે. અહીં ગવાતા ભજન-કિર્તનમાં હવેલી સંગીતની સ્પષ્ટ છાપ સાંભળવા મળે છે.

શ્રીમાધવરાયની જાનમાં લોકો સજીધજીને ઉત્સાહભેર જોડાય છે. આ વિધિ માધવપુરના મેળામાં પાંચ દિવસ સુધી ચાલે છે. આ સમયે માધવરાયના મંદિરની ઝાંખી અનન્ય હોય છે. ભગવાનનું ફુલેકું, કડછા સમુદાય દ્વારા ઘોડેસવારો સાથેનું સામૈયું, ભગવાનનો દોડતો રથ અને ચોરીના ચાર ફેરા જેવા અલભ્ય પ્રસંગો નિહાળીને દેશભરમાંથી આવેલા ભક્તજનો



હર્ષોલ્લાસથી ખીલી ઉઠે છે.

આ મેળા માટેનો એક દુહો જાણીતો છે.

"માધવપુરનો માંડવો, આવે
જાદવકુળની જાન,
પરણે રાણી રુકમણી જ્યાં
વર દુલ્હા ભગવાન."



# સોમનાથનો કાર્તિકી પૂર્ણિમાનો લોકમેળો

સૌરાષ્ટ્રમાં યોજાતા લોકમેળાઓ સાંસ્કૃતિક દ્રષ્ટિએ ભારતભરના મેળાઓ કરતા જુદી ભાત પાડે છે. અરબી સમુદ્ર જેનું પાદ પ્રક્ષાલન કરે છે તેવા ભગવાન સોમનાથના સાંનિધ્યે પ્રભાસ તીર્થ ક્ષેત્રમાં સોમનાથ મંદિરના છેલ્લા નિર્માણ પછી એટલે કે, છેલ્લાં અઠ્ઠાવન વર્ષથી અહીં કારતક માસની તેરસ, ચૌદસ અને પૂનમે પરંપરાગત રીતે ભાતીગળ લોકમેળો યોજાય છે. સોરઠ પ્રદેશ તરીકે ઓળખાતા આ પ્રદેશની પ્રજાનું આ એક મહામૂલુ લોકપર્વ છે.

ગુજરાતના પશ્ચિમમાં આવેલા સુંદર અને આકર્ષક સમુદ્ર કિનારે સમયના બદલાતા જતા વહેણ સાથે અડીખમ ઉભેલા ભારતના બાર પૈકીના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ પર ભૂતકાળમાં અનેકવાર વિદેશી અને વિધર્મી આક્રમણખોરોએ લૂંટ ચલાવીને તોડફોડ કરી હોવા છતાં આ મંદિર ફરી-ફરીને પ્રસ્થાપિત થતું રહ્યું છે. પ્રાગૈતિહાસિક કાળમાં બંધાયેલું આ મંદિર ઐતિહાસિક યુગમાં પણ નિર્માણ પામતું રહ્યું હોવાના પ્રમાણો મળે છે.

ઈ.સ. ૧૨૨માં ભાવબ્રહ્સ્પતિએ રચેલી 'સોમનાથ પ્રશસ્તિ'માં જણાવ્યા મુજબ સોમનાથનું પ્રથમ મંદિર સોમ એટલે કે ચંદ્રે બનાવ્યું. બીજા યુગમાં રાવણે રૂપાનું બનાવ્યું, શ્રી કૃષ્ણે લાકડાનું અને ભીમદેવે પથ્થરનું બનાવ્યું. આ પ્રાસાદ નાગરશૈલીમાં બંધાયેલો છે. નવનિર્મિત સોમનાથ મંદિરમાં ગર્ભગૃહ ઉપરાંત સભામંડપ અને નૃત્ય મંડપ પણ છે. ભગવાન શિવને નટરાજ એટલે કે, નૃત્યના રચયિતા આદ્યપુરુષ ગણવામાં આવે છે. આથી શિવમંદિરમાં નૃત્ય મંડપની રચના ઉચિત ગણાય છે. મંદિરની એક ખાસિયત એ છે કે, કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રીએ આકાશનો ચંદ્ર અને શિવલીંગ બંને એક સિધી લીટીમાં આવી જાય છે, જાણે કે, ભગવાન ત્રિપુરારી મસ્તક પર ચંદ્ર ધારણ કરીને સાક્ષાત ધરતી પર ન ઉતર્યા હોય ! ગરવા ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ થયા બાદ સોમનાથનો લોકમેળો શરૂ થાય છે. મેળામાં ભવ્ય આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સ્થાનોમાં શ્રીકૃષ્ણ ગોલોકધામ (દેહોત્સર્ગ) ત્રિવેણી સંગમ, પ્રભાસ તીર્થ ભૌગોલિક તીર્થના દર્શન પણ થાય છે. મેળામાં પાંચ દિવસ દરમિયાન પ્રત્યેક દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. આધ્યાત્મિક-સાંસ્કૃતિક પ્રદર્શન, પ્રભાસતીર્થના ભૂમિગત નકશા સાથે ભૌગોલિક તીર્થ દર્શન-વિભૂતિ દર્શન ગેલેરી, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિશાળ જગ્યામાં રંગ અને લાઈટથી બાવન શક્તિ પીઠો અને બાર જ્યોતિર્લિંગોને પ્રદર્શિત કરવામાં આવી છે. સાથે સાત્વિક મનોરંજન માટે બાળકોને આનંદ-પ્રમોદ અને રમત-ગમત માટે નાના મોટા ઝૂલા, જલકુંડો, ફૂવારા, જલધોધ, નૌકાવિહાર, તેમજ ચકડોળ જેવી રાઈડ્સ, ભોજન અને ઉપહાર કેન્દ્રોનું નિર્માણ કરવામાં આવે છે. આશરે ૨૦ એકરના ત્રિવેણીઘાટના કાંઠે વિશાળ મેદાનમાં સુવિધાઓ ઉપલબ્ધ કરાય છે. મેળામાં નાટ્ય, સંગીત સંધ્યા, શિવ અને કૃષ્ણ પર આધારિત ભક્તિ ભજનો, લોકકથા અને વાર્તાઓનું આયોજન કરાય છે. ઉપરાંત ભારતની ભવ્ય આધ્યાત્મિક અને સાંસ્કૃતિક અસ્મિતાના



લોકશિક્ષણનું એક પ્રબળ માધ્યમ બની રહે તે માટેનો પ્રયાસ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે. અમદાવાદ મધ્યસ્થ જેલના કેદીબંધુઓ દ્વારા તૈયાર કરાયેલ હાથવણાટની ચીજ- વસ્તુઓ અને કલાકૃતિઓ તથા જેલ ઉત્પાદિત અન્ય ચીજ-વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે.

અરબી સમુદ્રના ઉછળતા મોજા દેવાધિદેવ ભગવાન સોમેશ્વરનું સાંનિધ્ય અને અનુપમ દેહલાલિત્યનો નઝારો આ લોકપર્વમાં આવતા લોકોને માણવા મળે છે. ઉપરાંત સોમનાથની આજુ-બાજુ એશિયાટિક લાયનને નિહાળવાના શ્રેષ્ઠ સાસણ-ગીર તથા ગીર અભયારણ્ય પણ નજીક છે. આ લોકમેળો ભક્તિ, શક્તિ અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ છે.

# નકળંગનો મેળો

ભાવનગર જિલ્લાના કોળિયાકમાં ભાદરવી અમાસે ભરાતો નકળંગનો મેળો દરિયા કિનારે નકળંગ મહાદેવના મંદિરે ભરાય છે. આજુબાજુના ગામડાઓમાંથી આવતા અસંખ્ય લોક સમુદાયમાં મુખ્યત્વે કોળી પ્રજા વિશેષ જોવા મળે છે.

ભાદરવા મહિનાની અમાસે યોજાતા આ મેળાનું પૌરાણિક મહાત્મ્ય અલૌકિક છે. મહાભારતમાં જ્યારે કૌરવો અને પાંડવોનું યુદ્ધ સમાપ્ત થયું ત્યારે પાંડવો તેમની માતા કુંતાજી પાસે ગયા. કુંતામાતા સમગ્ર હકીકત જાણીને બોલ્યા કે “તમે હવે હિમાળો ગાળો” અર્થાત્ હવે હિમાલયમાં સમાધિષ્ટ થાઓ. માતાની આજ્ઞા પ્રમાણે પાંડવો હિમાલય પહોંચ્યા. પરંતુ પર્વતાધિરાજ હિમાલયે પણ તેઓને કુળ બંધુઓનો નાશ કરનાર પાપી ગણ્યાં. આથી હિમાલયે તેઓને સમાવવાની ના પાડી. પાંડવોએ હિમાલય પાસેથી બીજે ક્યાં જવું ? તેનો રસ્તો માંગ્યો.







પર્વતાધિરાજ હિમાલયની આજ્ઞાથી પાંડવો પોતાના પાપ નિષ્કલંક કરવા કાળી ધજા લઈ ચાલી નીકળ્યા. હિમાલયના જણાવ્યા પ્રમાણે જ્યાં આ ધજા સફેદ થઈ જાય ત્યાં તેઓના પાપોનો નાશ થયો તેમ સમજવું. પાંડવો ભ્રમણ કરતાં કરતાં ભાવનગર પાસેના હાથક ગામ પાસે પહોંચ્યા ત્યાં અડધી ધજા સફેદ થઈ ગઈ. પાંડવો સમજી ગયા કે તેઓ યોગ્ય સ્થળે પહોંચ્યા છે. ત્યાંથી તેઓ આગળ કોળીયાક પાસે પહોંચ્યાં જ્યાં અમાસ હોવાથી દરિયો દૂર જતો રહ્યો હતો. ત્યાં પહોંચતા જ આખી ધજા સફેદ થઈ ગઈ. પાંડવોએ ત્યારે દરિયામાં અઢી ત્રણ કિ.મી. ચાલીને નિષ્કલંક મહાદેવને સ્થાપિત કરી તેમની પૂજા કરી નિષ્કલંક થયા. ત્યાં આજે પણ પાંચ હજાર વર્ષ પહેલાં પાંડવો દ્વારા સ્થાપિત પાંચ શિવલિંગ હયાત છે. જ્યાં આજે પણ ભાવનગરના મહારાજશ્રીના હાથે પૂજન થયેલી સફેદ ધજા જ ચડે છે. મંદિર ઉપર ધજા ચડાવવા માટે વહેલી સવારે દરિયામાં હોડીમાં બેસીને જવું પડે છે. સવારે ૯ વાગ્યા પછી દરિયામાં ઓટ આવતા બે-ત્રણ કલાક માટે દરિયો મંદિર સુધી જવાનો રસ્તો કરી આપે છે. આ દિવસ દરમિયાન બે વાર આ રીતે દર્શન થઈ શકે છે.

કોળીયાકમાં ઋષિ પાંચમે પણ ન્હાવાનું ખૂબ મહાત્મ્ય છે. ઓટના સમયે દરિયામાં ચાલી સ્નાન કરી, દરિયા વચ્ચે રહેલા નકળંગ મહાદેવને ધૂપ-દીપ અને શ્રીફળ ચઢાવી પૂજા કરતો માનવ મહેરામણ આખો દિવસ દરિયા કિનારે જ રહે છે. ભાદરવો મહિનો પિતૃનો મહિનો હોવાથી આ મેળામાં સાધુ-સંતો અને ભૂવા પણ હોય છે. મંત્ર-તંત્ર અને ડાકલાના અવાજો પણ સાંભળવા મળે છે. ગુજરાત-ભરમાંથી અને બહારથી પણ લોકો શ્રદ્ધાપૂર્વક અહિં નકળંગ મહાદેવના દર્શનાર્થે આવે છે. આ રીતે નકળંગના મેળાનો રંગ બીજા મેળાઓથી અલગ છે.

# કચ્છના મેળા



ગુજરાતની અંદર વસતું એક અલગ ગુજરાત એટલે કચ્છ. કચ્છની સંસ્કૃતિ, કલા અને રિવાજો બધાથી અનોખા છે. ભારતના સૌથી મોટા કચ્છ જિલ્લામાં મુખ્ય ૧૨ મેળાઓ વર્ષ દરમિયાન યોજાય છે.

કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજમાં શીતળા સાતમનો, હાજીપીર બન્નીનો ચૈત્ર માસના પ્રથમ સોમવારનો હાજીપીરનો મેળો, ધ્રંગમાં મહાવદ-ચૌદસના દિવસે યોજાતો દાદા મેકરણનો મેળો, કાકડભીતમાં ભાદરવા સુદ-૧૫નો જખમેળો, અમરા ખાતે ચૈત્ર માસના પ્રથમ સોમવારનો કરોલ પીર મેળો, માંડવીમાં જન્માષ્ટમીએ યોજાતી રવાડી રથયાત્રા, તલવણામાં ચૈત્ર માસના બીજા સોમવારે યોજાતો રૂકન્સાપીર મેળો, માંડવીમાં ચૈત્ર વદ-તેરસનો શીતળા માતાનો મેળો, અંજારમાં શ્રાવણ વદ-૧૫નો દબડા મેળો, પાટિયા ખાતે ભાદરવા વદ-ચૌદસથી સુદ-એકમ સુધીનો કુબેર પીરનો મેળો, અંજારમાં ચૈત્ર સુદ-૧૪-૧૫નો જેસલ તોરલનો મેળો અને રાપરમાં ભાદરવા સુદ-આઠમનો યોજાતો રવેચી માતાના મેળાનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં ઉજવાતા અનેક મેળાઓમાં કચ્છમાં ઉજવાતા મેળાઓનો માહોલ વિશેષ પરંપરાગત હોય છે. ભૂજથી માત્ર ૪૦ કિ.મી. દૂર આવેલા ધ્રંગમાં મહાશિવરાત્રીએ ભરાતો ધ્રંગનો મેળો દાદા મેકરણના સમાધિ સ્થળે ભરાય છે. આશરે ઈ.સ. ૧૭૨૦માં જન્મેલા મેકરણ દાદાએ



માનવતાની સેવા કાજે કચ્છના ધ્રંગ ગામમાં પોતાનો આશ્રમ સ્થાપ્યો હતો.

કચ્છના અફાટ રણની નિર્જન ભૂમિ પર કાળનો કોળીયો બની ગયેલા માનવી અને મૂંગા પશુઓની ચીસોએ મેકરણ દાદાને અહીં જ વસી જવા રોક્યા. અને તે ઘડી ધ્રંગની ધરતી માટે ધન્ય બની ગઈ.

જીવનભર જગાવેલી અલખની આહ્લેક





અને સેવાની ધૂણીએ આ ખારાપાટ પર અકાળે મોતને ભેટતા જીવોને બચાવી એક અમર ઇતિહાસ સર્જ્યો. કહેવાય છે કે, મેકરણ દાદા પાસે એક મોતીયો નામનો કૂતરો અને લાલીયો નામનો ગધેડો હતા. તેની મદદથી તેઓ રણમાં ભૂલા પડેલા વટેમાર્ગુઓને સાચો માર્ગ બતાવી પાણી-અન્ન પૂરાં પાડી માનવ સેવા કરતા. મેકરણ દાદા તેમના સાદગી ભર્યા જીવન અને ઉચ્ચ વિચારોના કારણે લોકહૃદયમાં સ્થાન પામ્યા. તેમણે તેમના જીવન દરમિયાન એવા શ્રેષ્ઠ કર્મો કર્યા હતા કે, આવનારી પેઢીઓ વર્ષોના વર્ષો તેમને યાદ રાખે. કચ્છની આહિર જાતી તો તેમને પોતાના ભગવાન જ માને છે.

ભરત ભરેલા ઘાટા કાળા, લાલ, લીલા કપડાં, ઓઢણીયું અને આભૂષણોમાં શોભતી રબારી અને આહિર સ્ત્રીઓ, ભરત ભરેલી ટોપીમાં માતા સાથે મેળો માણતું બાળક અને કેડિયા, ચોરણી, પાઘડીમાં દિવસ આખો હિલ્લોળા લેતા ખમીરવંતા કચ્છી પુરુષો મેકરણ દાદાની સમાધિએ માથું ટેકવે છે. ધ્રંગના મેળે બપોરથી સાંજ સુધી મંદિરના ચોગાનમાં ભજન અને રાસની રમઝટ જામે છે.

આવો જ પ્રખ્યાત મેળો કચ્છના રાપર ગામનો રવેચી માતાના મંદિરે ભરાતો રવેચીનો મેળો છે. ભાદરવા સુદ સાતમ-આઠમે ભરતો આ મેળો ધર્મ અને આનંદનો સુમેળ છે. રવેચીના મેળે આહીરો, રબારીઓ અને પટેલો પરંપરાગત અને મનમોહક પહેરવેશ અને આભૂષણોમાં સજીધજીને આવે છે આ મેળામાં રબારી કોમની દીકરીઓ ચાંદી, પારા, મોતી અને બટનીયાંના આભુષણોમાં

આકર્ષક લાગે છે. આ દીકરીઓએ કીડિયા મોતીનું પહેરેલું ઘરેણું ભલભલાના મન મોહી લે તેવું કલાત્મક હોય છે.

રવેચીનો મેળો એ કચ્છનું તળપદી તોરણ છે. તો માંડવી ખાતે યોજાતો રવાડીનો મેળો કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિનો અરીસો છે. જન્માષ્ટમીના બીજા દિવસે એટલે કે શ્રાવણ વદ નોમ અને દશમના દિવસે અહીં ખાસ રથયાત્રા નીકળે છે, જેને રવાડી કહે છે. ભગવાને જન્મ લીધા બાદ બીજે દિવસે સ્નાન કરવા નીકળે છે એવો ભાવ એમાં સૂચવાય છે. રવાડી અંતે મોટા રથમાં બાલકૃષ્ણની મૂર્તિ બિરાજમાન હોય છે. વર્ષો પહેલાં માત્ર નોમના જ રવાડી નિકળતી હતી, ત્યારબાદ દસમે ખારવાઓની પણ રવાડી નીકળતી થઈ. જે દશમના રોજ નીકળે છે. તેને ખારવાની રવાડી કહે છે. આ દિને કચ્છભરમાંથી માણસો રવાડીમાં મહાલવા આવે છે.

અગાઉની બંને રવાડીઓમાં કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિના દર્શન થતાં. અંગ કસરતનાં વિવિધ ખેલો, અખાડાઓ રવાડીમાં રહેતા. રંગબેરંગી વેશભૂષાયુક્ત યુવાનો દાંડિયારાસ લેતા, તલવારના દાવપેચ, ભાલા અને તીરોની નિશાનબાજી, લાઠીના દાવ વગેરે જોવા માણસો ઉમટી પડતા. ઢોલીઓ ઢોલ વગાડતા. સંપૂર્ણ રવાડીના દર્શન કરતી વખતે પાંચથી છ કલાકનો સમય લાગતો. કચ્છની અનોખી સંસ્કૃતિના અનોખા રીત રિવાજો પ્રવાસીઓ માટે જીવનનો નૂતન અનુભવનો લ્હાવો લેવા સર્જાયા હોય તેવું લાગે છે.



# અંબાજીનો મેળો

બનાસકાંઠ જિલ્લાના દાંતા તાલુકાના અંબાજી યાત્રાધામમાં બાવન શક્તિપીઠોમાંની એક શક્તિપીઠ આવેલી છે. અરવલ્લી ગીરીમાળાઓની શ્રેણીમાં આરાસુર ટેકરીમાં સરસ્વતી નદીના ઉદ્‌ગમ સ્થાને અંબાજીનું સ્થાનક આવેલું છે. આથી માતા અંબાને આરાસુરી માં અંબા કહેવામાં આવે છે. સામાન્ય રીતે દરેક પૂનમે અહીં મેળા જેવું જ વાતાવરણ હોય છે. પણ, કારતક, ચૈત્ર, ભાદરવો અને આસો માસની પૂનમે મોટા મેળા ભરાય છે. તેમાંય ભાદરવી પૂનમનો મેળો સૌથી મોટો મેળો ગણાય છે.

આ મેળો તેરસ, ચૌદશ અને પૂનમ એમ ત્રણ દિવસ ચાલે છે. આ દિવસે લાખો લોકો માતાની ભક્તિ માટે ઉમટી પડે છે. મોટાભાગના લોકો તો અહીં પગપાળા યાત્રા કરીને આવે છે. મંદિર સાથે ઘણી જૂની માન્યતાઓ પણ જોડાયેલી છે. મા અંબાએ શક્તિરૂપ ધારણ કરી મહિષાસુર રાક્ષસ સાથે નવ દિવસ અને નવ રાત્રિના યુદ્ધ બાદ વધ કર્યો હતો. ત્યારબાદ તે ગબ્બરના ગોખને જ પોતાનું સ્થાનક બનાવી









સ્થાપિત થયા. અહીં ભક્તો મોટા સાદે શક્રાદય સ્તુતિનું પઠન કરી માતાજીને રીઝવે છે.

પૂર્ણિમાના દિવસે માતાજીને ખાસ શણગારોથી શોભાયમાન કરવામાં આવે છે. ત્યારે બ્રાહ્મણો સપ્તશતી બોલે છે. ભાદરવી પૂનમે ફક્ત ગુજરાતમાંથી જ નહિ પણ આખા દેશમાંથી અને વિદેશથી પણ માતાના ભક્તો શ્રદ્ધાપૂર્વક માથું નમાવવા આવે છે. પોષી પૂનમ કે જે માતાજીનો પ્રાગટ્ય દિવસ મનાય છે. ચૈત્રી પૂનમ અને શરદ પૂર્ણિમાએ પણ ધાર્મિક વિધિ કરી પૂજા અને હવન થાય છે તથા મેળો ભરાય છે. પૂર્ણિમાના દિવસે માતાજીના દર્શને આવેલા વિવિધ સંઘો દ્વારા ભવાઈ અને ચાચર ચોકમાં રાસગરબાનું ભવ્ય આયોજન કરાય છે. અહીં મંદિર પરિસરમાં જ ઢોલ-પખવાજના તાલે માતાજીના ભક્તો અદ્ભુત રાસ રજૂ કરે છે.

અંબાજીના આ મહામેળામાં ૨૫ લાખથી વધુ યાત્રિકો માતાજીના દર્શને ઉમટે છે. આ પવિત્ર મહાપર્વ પ્રસંગે અંબાજી જતા તમામ રસ્તાઓ પદયાત્રિકોથી ભરચક હોય છે. ઠેર ઠેર ગરબાની રમઝટ જામે છે. વિવિધ સેવાકેન્દ્રો દ્વારા યાત્રિકોને વિસામો, ચા-નાસ્તો અને સરસ જમવાની સુવિધા આપવામાં આવે છે. મેળા પ્રસંગે શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ આપવામાં આવે છે.

અંબાજીના મેળા ઉપરાંત બનાસકાંઠામાં બાલારામનો મેળો, ધરણીધર ભગવાન ઢીમાનો મેળો, કાંકરેજનો મેળો, વિશ્વેશ્વર મહાદેવનો મેળો, કટાવધામ - વાવનો મેળો, ખુણીયા અંબાજી મંદિરનો મેળો, મગરવાડાનો મેળો, મોકેશ્વરનો મેળો, મૂળેશ્વર મહાદેવ પાડણ વાવનો મેળો, નડેશ્વરી માતાજીનો મેળો, રામદેવપીર મજાદરનો મેળો, ગોગ મહારાજાનું મંદિર સેંભરનો મેળો, સિધ્ધિમ્બિકા માતાજીનો ડિસાનો મેળો વગેરે નાના-મોટા અનેક મેળાઓ આસ્થાપૂર્વક ઉજવાય છે.

શ્રાવણ વદ સાતમ અને અમાસના દિવસે પણ અંબાજી લોકમેળાનું મોટું ધામ બની રહે છે. ઉત્તર ગુજરાતમાં અંબાજીના મેળાનું ખૂબ મહાત્મ્ય છે.

# ચૈત્રી પૂનમનો મેળો

## (બહુચરાજી)

ચૈત્રી પૂનમે માતાજીના પ્રાગટ્યના દિવસે ચુંવાળ પંથક બહુચરાજીમાં માતાજીનો મેળો ભરાય છે. ગુજરાતની ત્રણ શક્તિપીઠ પૈકી બહુચરાજીમાં શ્રદ્ધા, ભક્તિ અને શક્તિનો ત્રિવેણી સંગમ રચાય છે. બાવન શક્તિપીઠ પૈકી મા બાલાત્રિપુરા સુંદરી બહુચરાજીના સ્થાનક મહેસાણા જિલ્લાના અનેક શ્રદ્ધા સ્થાનોમાં શિરમોર છે. જ્યાં દક્ષ કન્યા મા ભગવતી સતીના હાથના અવયવો પડેલા છે તે સ્થળે આ સ્થાન આવેલું છે. જેથી આ સ્થળ એક સિદ્ધી શક્તિપીઠ છે. આ યાત્રાધામમાં માતાજીના સંકુલમાં મુખ્યત્વે ત્રણ મંદિરો આદ્યસ્થાન, મધ્યસ્થાન, અને મુખ્ય મંદિર આવેલા છે. જેમાં સ્ફટિક નિર્મિત સુવર્ણ જડિત બાલાયંત્રની પુજા કરવામાં આવે છે.

ચૈત્રી પૂનમના દિવસે મા બહુચરના ચાર પ્રાગટ્ય સ્વરૂપે મેળાની ઉજવણી થાય છે. માતાજીને ચૈત્રી પુનમની રાત્રે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાતા આ મેળામાં લાખોની સંખ્યામાં લોકો



ઉમટી પડે છે. શ્રી બહુચર માતાજીના ચોથા પ્રાગટ્ય મુજબ ચૈત્ર સુદ પૂનમના દિવસે કાલરી ગામના રાજા વજેસિંહ સોલંકીના કુંવરી તેજલબાએ વરખડી પાસેના જળાશયમાં સ્નાન કરતાં તેઓ સ્ત્રીમાંથી પુરુષ થયા. આમ તેજલબામાંથી તેજપાલસિંહ બનાવી માતાજીએ પોતાના તેજસ્વરૂપના દર્શન દીધા. તે પ્રસંગે માતાજીના દર્શનાર્થે સમગ્ર ચુંવાળ પંથકમાંથી માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. તેની યાદમાં આજે પણ દર વર્ષે ચૈત્રી પૂનમના દિવસે બહુચરાજી મુકામે લાખોની સંખ્યામાં ભાવિક ભક્તોનો મોટો લોકમેળો ભરાય છે. બહુચરાજીમાં યોજાતા આ મેળામાં વહીવટી તંત્ર



દ્વારા પ્રાથમિક આરોગ્ય સહિત યાત્રાળુઓને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખવામાં આવે છે. તદ્ ઉપરાંત શ્રાવણી જન્માષ્ટમીના દિવસે ખેરાલું નજીક વૃંદાવન મહાદેવ મંદિરે સુપ્રસિદ્ધ આઠમનો મેળો ભરાય છે. આઠમના મેળાની વિશેષતા એ છે કે, આ મેળામાં પરંપરાગત પોષાક પહેરીને આજુબાજુના લોકો મેળો માણવા ઉમટી પડે છે. મેળામાં વૃંદાવન મહાદેવના દર્શન કરી લોકો ધન્યતા અનુભવે છે. તાલુકા વહીવટી તંત્ર દ્વારા પણ મેળામાં લોકોને મુશ્કેલી ન પડે તે માટે સુરક્ષા સહિત વિવિધ સેવાઓનું આયોજન કરવામાં આવે છે.



# શામળાજીનો મેળો

ગુજરાત અને રાજસ્થાનની સીમા રેખા પાસે મેશ્વો અને પીંગળા નદીના સંગમ સ્થાન પાસે આશરે ૧૫૦૦ વર્ષ પહેલાંના અવશેષો ધરાવતી એક ભવ્ય નગરી તીર્થભૂમિ શામળાજી દર્શનીય સ્થળ છે, જ્યાં કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી શામળાજીનો મેળો ભરાય છે.

શામળાજીનું મંદિર ક્યારે અને કોણે બંધાવ્યું તેનો ઇતિહાસ ઉપલબ્ધ નથી, પરંતુ શામળાજીની આજુબાજુના વિસ્તારમાં સાંપડેલ અવશેષો ઉપરથી પુરાતત્વ ખાતાની દૃષ્ટિએ ૫૦૦ વર્ષ પહેલાં અહીં નગરી અસ્તિત્વમાં હોવી જોઈએ. અહીંથી છઠ્ઠી સદીની મળી આવેલી મૂર્તિઓ અને શામળાજી અને દેવની મોરી વિસ્તારમાંથી મળી આવેલ એકવીસ ઇંચની લંબાઈના ઈંટોના થર પ્રાચીન સમયની ભવ્ય નગરી હોવાની વાતને સમર્થન આપે છે.

કળસી છોકરાની માના નામે ઓળખાતી મૂર્તિના અવશેષો મુંબઈ પાસે આવેલ એલિફન્ટાની ગુફાઓમાં ત્રિમૂર્તિના પ્રખ્યાત શિલ્પને મળતા આવે છે.







પૌરાણિક કથા પ્રમાણે સંવત ૧૭૨૮માં શામળાજી ઉપર આક્રમણ થયું. ઈડરના મહારાજા અને બીજા ઠાકોરોએ વીરતાથી તેઓનો સામનો કર્યો. શામળાજીના મંદિરમાં લશ્કર પ્રવેશ્યું, મૂર્તિઓ તોડવા માંડી, અંદર દાખલ થઈને ગરૂડજીનું નાક છૂંદ્યું કે એ સાથે જ ચમત્કાર સર્જાયો. ગરૂડજીના છૂંદાયેલા નાકમાંથી અસંખ્ય ભમરા પ્રગટ્યા. લશ્કરના સૈનિકો ઉપર ભમરા તૂટી પડી તેમનાં અંગો ઉપર ચોંટીને ડંખ દેવા લાગ્યા. ડંખની પીડાથી સૈનિકો ચિત્કારી ઉટ્યા અને ચીસ પાડીને જીવ બચાવવા મંદિરમાંથી ભાગ્યા.

સૈન્યબળ વિહોણા આ રાજપૂતો અને ઠાકોરોએ તીર્થની મૂર્તિઓ પર્વતોની કંદરામાં છુપાવી અને ભગવાન શામળીયાની મૂર્તિ કરાજવ્રુજ તળાવમાં પધરાવી. ત્યાર પછી સો-સવાસો વર્ષ પછી એ જ કરારવ્રુજ તળાવમાંથી એક આદિવાસી યુવાનને હળ ચલાવતા જે મૂર્તિ હાથ લાગી એ જ કાળીયો ઠાકર. એ જ ભગવાન શામળાજી.

શામળાજી ખાતે કૃષ્ણ ઉપરાંત ભગવાન વિષ્ણુની પૂજાનું પણ અનેરું મહત્ત્વ છે. મેળામાં બ્રાહ્મણો, વાણિયાઓ, રાજપૂતો અને પાટીદારો ઉપરાંત રાજસ્થાનથી પણ ઘણાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે.

શામળાજીના મેળામાં મંદિરની સામે બાજુના રસ્તાની બંને તરફ હાટડીઓ લાગી જાય છે. મંદિર આગળની ખુલ્લી જગ્યા મેળાનું સ્વરૂપ ધારણ કરે છે. આ સમયે શામળાજીને અદ્‌ભુત શણગારથી સજાવવામાં આવે છે. ઉત્તર ગુજરાત અને રાજસ્થાનની મોટાભાગના લોકો માટે શામળાજીનો મેળો એ શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક છે.



# મીરાં દાતારનો મેળો
## (ઉનાવા)



મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકા નજીક દિલ્હી-બોમ્બે નેશનલ હાઈવે ઉપર આવેલા ઉનાવામાં આવેલી હજરત સૈયદઅલી મિરાં દાતાર બાપુની દરગાહ ભાવિકોમાં અનેરી આસ્થાનું પ્રતિક બનેલી છે. વર્ષ ૨૦૧૩માં ૫૩૭મા ઉર્ષમુબારકની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી. સબે બુરહાનની ઉસ્માનપુરાથી સંદલ કમિટીના સભ્યો નવનિશાન લઈને પગપાળા નીકળી દાતાર બાપુની દરગાહે આવી પહોંચે છે. જ્યાં જુલુસ કાઢીને ધામધુમથી દરગાહમાં નવ નિશાન ચઢાવવામાં આવે છે. ઉત્સવ નિમિત્તે સવારે દરગાહમાં કુરાનનું પઠન કરવામાં આવે છે. સફરનો ચાંદ જોયા બાદ બીજા દિવસે સવારે ચાર વાગ્યે દાતાર બાપુની મજાર શરીફને ગુસલ કરીને સંદલ ચઢાવવામાં આવે છે. આ ગુસલનું પાણી મુંજાવર ભાઈઓ યાત્રાળુઓને પ્રસાદી રૂપે આપતા હોય છે. આ દિવસે ભારતભરમાંથી યાત્રાળુઓ આવી દાતાર બાપુના દર્શન કરે છે.

દંતકથા મુજબ મીરાં દાતારના દાદા સૈયદ ઇલમોદ્દીનમીયાં અરબસ્તાનમાંથી ભારતમાં ઉત્તર પ્રદેશના માણેકપુર નામના ગામમાં આવ્યા હતા. ત્યારબાદ ગુજરાતમાં અમદાવાદ ખાતે ખાનપુરમાં તેમણે વસવાટ કર્યો હતો. ઈલમોદ્દીનમીયાં અને તેમનો પુત્ર સૈયદ ડોસુમીયાં બંને મહંમદ બેગડાના લશ્કરમાં ચીફ કમાન્ડર હતા. ઉનાવાનું જૂનું નામ લીલાપુર જે પાટણ પ્રાંતમાં આવેલું હતું. મીરાં દાતારનો જન્મ રાસ્તી અમ્માના ખોળે ઉનાવામાં થયો હતો. રાસ્તીમાએ જીવંત સમાધી લીધી ત્યારે ડોસુમીયાંએ બીજી પત્ની કરી, જેનું નામ દામાયા હતું. આ સમયે હજરતમીયાં સૈયદઅલી દાતાર છ માસના હતા ત્યારે તેમને દૂધ પીવડાવી મોટા કરવાની જવાબદારી દામાયાએ ઉપાડી. ત્યારે દામાયાને વગર પુત્રે દૂધની ધાર વહી અને



દાતારને સ્તનપાન કરાવી મોટા કર્યા ત્યારથી મીરાંદાતાર ચમત્કારિક છે તે વાત પ્રચલિત થઇ.

મીરાં દાતારની ૧૬ વર્ષની યુવાન વયે તેમના લગ્ન આડે ત્રણ દિવસ બાકી હતા. એવામાં અમદાવાદથી પિતાએ માડુંગઢ ધાર પાસે (મધ્યપ્રદેશ) ચઢાઈ કરવાનો હુકમ કર્યો. દાતારે સવારમાં દાતણ કર્યું. દાતણની ચીરીઓ જમીનમાં દાટી કહ્યું કે, મારું દફન આ જગ્યાએ કરજો. તેમણે માડુંગઢ ચઢાઈ કરી અને વિજય મેળવ્યો. માડુંગઢના રાજવીની હાર થતાં તે પર્વતોમાં છૂપાઈ ગયો ત્યારે દાતાર તેમની પાસે ગયા. રાજા પાસે હથિયાર ન હતું. રાજાએ કહ્યું કોઈના પર ખોટો વાર ન કરો. દાતારે પોતાની તલવાર રાજાને આપી દીધી ને રાજાએ એ જ તલવારથી વાર કર્યો હતો અને દાતાર શહીદ થયાં હતાં. દાતારના દેહને ઉનાવા લાવવામાં આવ્યો. મીરાં દાતારનો કુટુંબી વારસો મુંજાવરો દરગાહની આજુબાજુ આવેલો છે. આ ઘટના આશરે પાંચસો વર્ષ પૂર્વે ઘટી હોવાની દંતકથા પ્રચલિત છે. દાતારના સ્થાનકે દર વર્ષે અંદાજે એક લાખ દેશ-વિદેશમાંથી દર્શનાર્થીઓ આવે છે. ઉપરાંત યાત્રાળુઓ પધારે છે. દર વર્ષે ઉનાવામાં યોજાતા દાતારના ઉર્ષમાં મુસ્લિમોની સાથે હિન્દુઓ પણ મોટી સંખ્યામાં ભાગ લે છે. દરગાહમાં દીન, દુ:ખીઓને લઈને તેમના સ્વજનો મનોકામના પૂર્ણ કરવા માટે દર્શનાર્થે આવે છે. મીરાં દાતારના મેળા દરમિયાન ઉત્સાહ, ઉમંગ અને શ્રદ્ધાના વાતાવરણમાં કવ્વાલીનો જલસો જામે છે. દરગાહના સંકુલમાં આકર્ષક રોશની કરવામાં આવે છે. શ્રદ્ધાળુઓ ફૂલ, અત્તર, ગુલાબ જળ, સાકર, શ્રીફળ અને સોના-ચાંદીના દાગીના અર્પણ કરીને પોતાની મનોકામના વ્યક્ત કરે છે અને દરગાહની પૂજનવિધિ કરે છે. ઉર્ષ સમયે સાદરનો ચાંદ જોઈ દાતારને સંદલ સાદર કરાય છે.

# ચિત્ર-વિચિત્રનો મેળો



ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડા ગામથી માત્ર દોઢેક કિ.મી.ના અંતરે આવેલા ગુણભાંખરી ગામમાં ચિત્ર-વિચિત્ર મેળો યોજાય છે. આ ગામ આકળ-વાકળ અને સાબરમતી નદીના સંગમ ઉપર આવેલું છે. હોળી પછીના ચૌદમાં દિવસે એટલે કે, ફાગણવદ ચૌદશે ભરાતો ચિત્ર-વિચિત્રનો મેળો તેના નામ પ્રમાણે વિચિત્ર છે.

પૌરાણિક કાળથી એવી માન્યતા છે કે, હસ્તિનાપુર (આજનું દિલ્હી)ના શાસનકર્તા શાંતનુને બે પુત્રો હતા. ચિત્રવીર્ય અને વિચિત્રવીર્ય, જે તેઓની માતા સત્યવતી (જે મત્સ્યગંધા તરીકે પણ જાણીતા હતા) અને રાજા શાંતનુના જ્યેષ્ઠપુત્ર દેવવ્રત (મહાભારતના ભિષ્મ) વચ્ચેના સંબંધો અંગે ખોટી માન્યતા ધરાવતા હતા. પાછળથી પોતાની ભૂલ તેઓને સમજાતા પોતે જાતે જ બલિદાન આપી અગ્નિ સ્નાન કર્યું હતું. આ બલિદાન તેમણે ગુણભાંખરી નામની ટેકરી પાસેના ત્રિવેણી સંગમ સ્થળે કર્યું હતું. પોતાની ગેરસમજથી થયેલી ભૂલના પસ્તાવાના કારણે દેહ ત્યાગ કરનાર બંને ભાઈઓની યાદમાં ચિત્ર-વિચિત્ર મેળો યોજાય છે.

અરવલ્લીની કંદરાઓમાંથી સોળે શણગાર સજીને ભીલ અને ગરાસિયા આદિવાસીઓ આ મેળામાં ઉમટી પડે છે. સ્ત્રીઓ મોટા ભાગે ચાંદીના ઘરેણાંથી સજ્જ હોય છે. નદીઓના સંગમ સ્થાને આવી તેઓ તેમના પૂર્વજોની યાદમાં વિલાપ કરે છે. વહેલી સવારે ભિલોડા, હિંમતનગર, શામળાજી, પ્રાંતિજ અને ખેડબ્રહ્માના આદિવાસીઓ નદીમાં પિતૃઓના અસ્થિનું વિસર્જન કરી છે. ધાર્મિક વિધિ કરે છે. વળી દૂર દૂરથી આવેલા સગાસ્નેહીઓને મળી વર્ષ દરમિયાન મૃત્યુ પામેલા સ્નેહીજનોને યાદ કરી વિલાપ કરે છે અને એક બીજાને આશ્વાસન પણ આપે છે .આ વિધિને 'હાડ ગાળવા'ની વિધિ કહે છે. આમ કદાચ આ એક માત્ર એવો મેળો હશે જે દુઃખદ યાદોને તાજી કરવા માટે યોજાતો હોય.

બીજા દિવસે આ મેળો નવો જ રંગ ધારણ કરે છે. વિલાપ કરતાં લોકો બીજા દિવસે



ઢોલનગારાના તાલે નૃત્ય કરી, તાલબદ્ધ સ્વરે ગીતો ગાય આનંદ પ્રમોદ કરે છે. આ મેળામાં પાન ખાવાનો અને ખવડાવવાનો પણ અનેરો મહિમા છે. મેળામાં ઠેર ઠેર પાનવાળાઓ ઘૂમતા જોવા મળે છે. નજીકના ગામોમાંથી આદિવાસી સમૂહો ઢોલ નગારા વગાડતા વિચિત્રેશ્વર મહાદેવ તરફ સ્પર્ધાત્મક રીતે ધસી જાય ત્યારે આદિવાસી કન્યાઓ માથે જવારા લઈને રૂમઝૂમ કરતી આવે છે.

અન્ય મેળાઓથી ભિન્ન એવા આ ચિત્ર વિચિત્ર મેળામાં બીજી એક આશ્ચર્યની વાત એ છે કે, અહીંના આદિવાસીઓ ઢોલ વાગતાની સાથે જ અચાનક એમની ટેકરીઓ ઉપર આવેલા ઝૂંપડાઓમાંથી વિશાળ સંખ્યામાં બહાર આવી જાય છે અને મેળો પૂરો થતાં જ અચાનક આખો માનવ સમુદાય ગિરિમાળાઓમાં ક્યાં સમાય જાય છે તેની ખબર પણ પડતી નથી. આદિવાસી સંસ્કૃતિને નજીકથી જાણવા અને માણવા માટે આ મેળાની મુલાકાત લેવા જેવી છે.



# કાત્યોકનો મેળો
## (સિદ્ધપુર)



સિદ્ધપુર સરસ્વતી નદીના કૂખમાં ભરાતાં કાત્યોકનો મેળો કાર્તિકી પૂનમની રાત્રીના સમયે રોશનીથી ઝળહળી ઉઠે છે. લોકમાતા કુંવારિકા સરસ્વતી નદીની કૂખમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ તર્પણ વિધિ કરી ધન્યતા અનુભવે છે. મેળામાં ઉમટતી જનમેદનીને ધ્યાને લઈને ગોઠવાતા ઊંટ બજાર, શેરડી બજાર, અશ્વ બજાર તેમજ મનોરંજનને લગતી અવનવી ચીજોની દુકાનો આકર્ષણ જમાવે છે. મેળામાં નાની-મોટા ચકડોળો, બાળકોને મનોરંજન આપતા સાધનો તેમજ મોતના કૂવામાં મોટરસાઈકલ અને મારૂતિના જીવસટોસટના ખેલ પણ જોવા મળે છે. વિશ્વ પ્રસિદ્ધ માતૃગયા તીર્થ સિદ્ધપુર બિંદુ સરોવર ખાતે ભારતભરનું એકમાત્ર ભગવાન કાર્તિકેય સ્વામીનું મંદિર આવેલું છે. જે કારતક માસમાં સુદ અગિયારસથી પૂનમ સુધી વર્ષમાં એકજવાર ખૂલતું હોવાથી કાત્યોકનો લોકમેળો માણવાં આવતાં લાખો શ્રદ્ધાળુઓ ભગવાન કાર્તિકેયના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

સિદ્ધપુર એટલે સિદ્ધભૂમિ. સિદ્ધક્ષેત્ર, ગુજરાતનું કાશી, અરવડેશ્વરના અવધૂત પૂ. બ્રહ્મલિન દેવશંકર બાપાની ભક્તિભૂમિ. ઐતિહાસિક રૂદ્રમહાલય, પાંચ સ્વયંભૂ શિવલિંગ અને અનેકાનેક મંદિર - મહાલયો એટલે સિદ્ધપુરની પરખ અને ઓળખ એટલે કાત્યોકનો લોકમેળો. આ દિવસોમાં લોકમાતાના કૂખમાં સરામણનું આગવું મહત્ત્વ રહેલું છે. પૌરાણિક પુષ્ટી મુજબ ચૌદશની રાત્રીએ ૧૨ કલાકે મોક્ષપીપળો, સરસ્વતી નદીના તટે, ગંગા, યમુના, સરસ્વતીનો સંગમ થાય છે. આ વિરલ પ્રાસંગિકતા વચ્ચે લાખો ભાવિકો સિદ્ધપુર ખાતે તર્પણ વિધિ માટે આવે છે.

ઉત્તર ક્રિયા, માતૃતર્પણ, દશા શ્રાદ્ધ, એકાદશી શ્રાદ્ધ, અસ્થિ વિસર્જન, નારાયણબલિ જેવા અનુષ્ઠાનો માટે શ્રદ્ધાળુઓ આવે છે. અહીંયા ઊંટ-અશ્વનું બજાર ભરાય છે. મેળામાં શેરડીનો મોટો વેપાર થાય છે. જેથી આ મેળાને શેરડીયો મેળો પણ કહેવામાં આવે છે. ઉત્તર ગુજરાતના અનુસૂચિત જાતિના લોકોમાં આ મેળો સાચા અર્થમાં સ્નેહ સંબંધ અને



સગપણનો મેળો બની રહે છે. મેળામાં સામાજિક વ્યવહારોની પતાવટ થતી હોય છે.

કાત્યોકના મેળામાં સ્વજનોના મોક્ષ માટે પવિત્ર સરસ્વતી નદીમાં પોતાના પૂર્વજોની યાદમાં શ્રદ્ધાળુઓ દ્વારા દીવડાં તરતા મૂકવામાં આવે છે. સાથે સાથે ધાર્મિક વિધિ કરાવી બ્રાહ્મણોને ચોર્યાસી જમાડવાનું અનેરું મહત્ત્વ રહેલું છે. કારતક સુદ-દસમથી પૂનમ સુધી આ પરંપરા ચાલુ રહે છે.

સિદ્ધપુરના કાત્યોકના મેળામાં મીઠી મધુરી રસઝરતી શેરડીનો સ્વાદ ન માણો તો મેળો અધૂરો ગણાય છે. મેળાની શરૂઆત થતાં જ ભિલોડા, કરજણ, ભરૂચ, પાલેજથી શેરડીની ટ્રકો ઉતરે છે, જેમાં ભિલોડાની લાલ શેરડી તેમજ રાજપીપળાની પીળી શેરડી વેચાય છે. કહેવાય છે કે, આ પવિત્ર કુંવારીકા નદીમાં પૂનમની રાત્રિએ ગંગા, યમૂના અને સરસ્વતીનો બાર વાગ્યા પછી ત્રિવેણી સંગમ થાય છે. જેના પવિત્ર જળનું આચમન કરીને શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવે છે.



# વરાણાનો મેળો

## (વઢિયાર પંથક)

પાટણ જિલ્લાનું વઢિયાર પંથક કાઠીયાવાડની લઘુ આવૃત્તિ કહેવાય છે. સમી તાલુકાના રણની કાંધીએ વસેલ પંથકમાં વરાણા સદીઓ પુરાણા આઈ ખોડિયારના તીર્થધામની મોટી ઓળખ છે. વરાણા ખાતે પ્રતિ વર્ષ મહા સુદ આઠમે ભાતીગળ લોકમેળો યોજાય છે. આ મેળામાં વઢિયાર, ઝાલાવાડ, ચુંવાળ અને રાધનપુર, સાંતલપુર ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. આ મેળો આમ તો મહા બીજ-ત્રીજથી શરૂ થઈ પૂનમ સુધી ચાલુ રહે છે. સાતમથી નોમના દિવસે આ લોકમેળો પુરબહારમાં જામે છે. મેળા દરમિયાન આશરે પાંચથી સાત લાખ ભાવિકો દર્શન માટે પધારે છે. મેળામાં વઢિયાર સહિત અન્ય પંથકના લોકજીવનની ઝાંખી થાય છે. અહીં ભાવિકો આઈશ્રી ખોડિયારને તલ, સાકરની બનેલી સાનીનું નૈવેદ્ય ધરાવે છે. આઠમના દિવસે ભક્તો લાંબી કતારોમાં વરુડીના દર્શન માટે ઉત્સુક બને છે. મેળામાં વાહનોની બોલબાલા વચ્ચે ભાવિકો વિવિધ વાહનો મારફતે વરાણા આવવાનું પસંદ કરે છે. પરંતુ જ્યારે વર્ષો પહેલાં બળદગાડામાં બેસી વરાણા આવવાનું થતું ત્યારે ધુળિયા રસ્તાની લાંબી મુસાફરી અને કડકડતી ઠંડી વચ્ચે ત્રસ્ત બનતા ભાવિકો ગયા વરાણે....આવ્યા પરાણેનો... અનુભૂતિ કરી લેતા. આજે તો યાત્રાધામની સુવિધાઓ વધવાની સાથે ભક્તોને સગવડો મળી રહે છે. એટલે વરાણાનો લોકમેળો ભાવિકો માટે તરણેતરની લઘુ આવૃત્તિ જેવો સ્મરણીય બની રહે છે.

અહીં સમગ્ર વર્ષ દરમિયાન આવતા ભક્તજનો



માટે ભોજન પ્રસાદની વિના મૂલ્યે સગવડ પુરી પાડવામાં આવે છે. અહીં તલ-સાકર અને તલ-ગોળની સાની ચડાવવાની વર્ષો જૂની પ્રથા પરંપરાગત રીતે ચાલી આવે છે. માતાજીને સવામણ સાંની ચઢાવી તેનો પ્રસાદ ભક્તોમાં વહેંચાય છે. મેળાની વિશેષતા મુજબ આ મેળામાં સમગ્ર વઢિયાર પંથકના વઢિયાર લોકજીવનની ગાથા જોવા મળે છે.





# પલ્લીનો મેળો
## (રૂપાલ)



ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરથી ૧૩ કિલોમીટરનાં અંતરે આવેલા રૂપાલ ગામે દર વર્ષે નવરાત્રિ દરમિયાન આસો સુદ નોમના દિવસે વરદાયીની માતાની નિશ્રામાં પલ્લીનો મેળો યોજાય છે.

દર વર્ષે પલ્લીમાં ૧૦ લાખ જેટલા ભાવિકો ઉમટી પડે છે. પલ્લી દરમિયાન શુદ્ધ ઘીનો અભિષેક કરવાની જૂની પરંપરા છે, જેમાં અંદાજે ૪ લાખ કિલો ઘીનો અભિષેક કરવામાં આવે છે. દુનિયાભરમાં પ્રખ્યાત પલ્લીનાં વધતા જતા મહત્ત્વને લઈને દર વર્ષે ભાવિકોની સંખ્યા વધતી જાય છે.

વરદાયિની માતાના મંદિર માટે એવું કહેવાય છે કે, આદ્યશક્તિ માં નવદુર્ગા પોતાના નવ સ્વરૂપો પૈકી દ્વિતિય સ્વરૂપ બ્રહ્મ ચારિણી હંસવાહિની સ્વરૂપે સ્વયં બિરાજમાન છે. ત્રેતાયુગમાં ભગવાન રામચંદ્ર વનમાં ગયા હતા ત્યારે શૃંગ ઋષિના આદેશથી વરદાયિની માતાજીએ પ્રસન્ન થઈ અમોઘ દિવ્ય બાણ આપ્યું. આ બાણનો ઉપયોગ કરી લંકાના યુદ્ધમાં રામે રાવણનો વધ કર્યો હતો. દ્વાપર યુગમાં પાંડવોએ ગુપ્તવાસ દરમિયાન માતાજીના દર્શન કરી ત્યાં આવેલા વરખડીના ઝાડ ઉપર પોતાના શસ્ત્રો સંતાડી જુદા જુદા વસ્ત્રો ધારણ કરી વનવાસ પૂર્ણ કરી માતાજીના આશીર્વાદ મેળવી મહાભારતના યુદ્ધમાં વિજય મેળવ્યો હતો. ત્યારબાદ આસો સુદ નોમના દિવસે કૃષ્ણ, પાંડવો અને દ્રોપદી સાથે માતાજીની સોનાની પલ્લી બનાવી તેના ઉપર પાંચ કુંડની સ્થાપના કરી ગામમાં પલ્લી યાત્રા કાઢી પંચબલિ યજ્ઞ કર્યો હતો.

આ તો થઈ પૌરાણિક કથા, કળીયુગની કથા કંઈક અલગ છે. કળિયુગમાં પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહને માળવાના રાજા યશોવર્માએ અવગણના કરતા તેની સાથે વેર બંધાતા એમને યશોવર્માનો વધ ન કરે ત્યાં સુધી અન્ન ન લેવાની પ્રતિજ્ઞા લઈ અન્નનો ત્યાગ કર્યો હતો. સેના લઈ તેમણે માળવા પર ચઢાઈ કરી, પરંતુ ભૂખથી રાજા પીડાવા લાગ્યા, એ અરસામાં તેમનો પડાવ રૂપાલમાં માતાજીના



મંદિર નજીક હતો. રાજા અવિચારી પ્રતિજ્ઞાથી ચિંતિત અવસ્થામાં નિંદ્રાધિન થયા ત્યારે માતાજીએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું કે, સવારે ઉઠી ગાયના છાણનો કિલ્લો બનાવી તેમાં અડદના લોટનું શત્રુનું પૂતળું બનાવી તેનો વધ કરી અન્ન ગ્રહણ કરજે. આ રીતે તારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે. આમ, પ્રતિજ્ઞા પૂર્ણ કરી રાજાએ યુદ્ધમાં યશોવર્માનો વધ કર્યો. ત્યારબાદ સિદ્ધરાજ જયસિંહે રૂપાલ આવી માતાજીની પૂજા કરી નવેસરથી મંદિર બનાવી માતાજીની મૂર્તિ બનાવડાવી, તેની પ્રતિષ્ઠા કરી. જે વડના ઝાડ નીચે હોઈ વડેચી તરીકે પણ ઓળખાયા.

આજે પણ અનેક શ્રદ્ધાળુઓ દૂરદૂરથી આવી ઘીનો ભોગ ધરાવી માતાજી સમક્ષ માનતા-બાધા પૂર્ણ કરે છે. પલ્લી પૂર્ણ થયા બાદ પણ દિવસો સુધી ઘીનો ભોગ આવતો જ રહે છે.



# કાળિયા ઠાકોરનો મેળો
## (ડાકોર)

ગુજરાતમાં મહત્ત્વના તીર્થધામોમાં ડાકોરની ગણતરી થાય છે. ડાકોર ખાતે વૈષ્ણવ સંપ્રદાયનું રણછોડરાયનું મંદિર ભારતભરમાં જાણીતું છે. ભારતભરમાં અને ખાસ કરીને ગુજરાતમાં તથા તેના પાડોશી રાજ્યોમાં રણછોડરાયજીના મંદિરને લીધે ડાકોર ઘણું ખ્યાતિ પામેલું છે.

ડાકોરની શ્રી રણછોડરાયની મૂર્તિ સંવત ૧૨૧૨માં ભક્ત બોડાણાજીએ પોતાની ભક્તિથી ભગવાનને પ્રસન્ન કરી કાર્તિકી પૂનમે ગાડામાં બેસાડી દ્વારકાથી ડાકોર લાવ્યા હતા. એક દંતકથા મુજબ ભક્ત બોડાણાએ આ મૂર્તિને પોતાના ઘરમાં રાખી હતી. દ્વારકાના રાજા ગુગળીયો સાથે ડાકોર તે મૂર્તિ લેવા આવતા તેને ગોમતીજીમાં સંતાડી દીધી હતી ત્યારબાદ બોડાણાજીનું મૃત્યું થતાં બોડાણાજીના પત્ની ગંગાબાઈની લાજ પ્રભુએ સવા વાલની વાળીથી તોળાવડાવીને રાખી ત્યારે બાદ તે મૂર્તિ ગંગાબાઈએ પોતાના ઘરમાં પધરાવી સેવા પૂજા ચાલુ રાખીને પછી લક્ષ્મીજીના મંદિરમાં અને ત્યારબાદ હાલના મંદિરમાં રાખવામાં આવી હતી.

ડાકોરના રણછોડજી મંદિરનું ખાતમુહૂર્ત સંવત ૧૮૨૪ના ફાગણ માસના શુક્લ પક્ષમાં થયું હતું અને સંવત ૧૮૨૮માં મહાસુદ પૂનમના દિવસે ભગવાન રણછોડરાયની મૂર્તિની



પધરામણી કરવામાં આવી હતી. આશરે ૧૧માં સૈકામાં રણછોડરાયની મૂર્તિ ૩.૫ ફૂટ ઊંચી, ૧.૫ ફૂટ પહોળી કાળા કસોટી પથ્થરમાંથી બનાવવામાં આવી છે.

હાલનું ડાકોર શ્રીકૃષ્ણના પરમભક્ત શ્રી બોડાણાને આભારી છે. બીજી દંતકથા પ્રમાણે બોડાણા તેના પૂર્વજન્મમાં ગોકુલમાં વિજયાનંદ ગોવાળ તરીકે રહેતા હતા. હોળીના દિવસે વિજયાનંદ સિવાય તમામ ગોવાળો શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાર્થના કરતા હતા પરંતુ વિજયાનંદ ગર્વોન્મિત હોવાને કારણે પોતાને ઘેર રહ્યો હતો. શ્રીકૃષ્ણ ભગવાન તેના મિત્રના સ્વરૂપે તેને ઘેર ગયા અને હોળી પૂજા કરાવી. પૂજા કરી પાછા ફરતા તેને ખાતરી થઈ કે તે તેના મિત્ર બીજા કોઈ નહીં પણ ભગવાન પોતે હતા. બીજા દિવસે રંગની હોળી ખેલ્યા. શ્રીકૃષ્ણ ભગવાન નદીમાં પડી અંતર ધ્યાન થયા. વિજયાનંદ તેમની પાછળ ગયા જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે ખરા સ્વરૂપના દર્શન કરાવ્યા. ભગવાને દયા બતાવી. આશ્વાસન આપી આશીર્વાદ આપ્યા કે, કલિયુગમાં ૪૨૦૦ વર્ષ પછી તેનો જન્મ ક્ષત્રિય કુળમાં વિજયાનંદ બોડાણા તરીકે થશે.

શ્રીકૃષ્ણની આજ્ઞાથી ભક્ત બોડાણા દ્વારિકા શ્રીકૃષ્ણને લેવા ગાડું લઈને ગયા, પરંતુ પુજારીએ દ્વારિકા મંદિરના નિજ મંદિરને તાળું મારી સીલ કર્યું. મધ્યરાત્રિએ શ્રીકૃષ્ણ ભગવાને બધા બારણાં ખોલી નાખ્યાં. બોડાણાને જગાડ્યા અને તેમને ડાકોર લઈ જવા કહ્યું. થોડા સમય બાદ ભગવાને બોડાણાને ગાડામાં આરામ કરવા જણાવ્યું અને શ્રીકૃષ્ણ ભગવાને ડાકોર સુધી ગાડું હાંક્યું. દ્વારિકાના ગુગળી બ્રાહ્મણોને દ્વારકાધીશની પ્રતિમા ખોવાયેલી જણાતા બોડાણાનો પીછો પકડી ડાકોર આવ્યા. શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમાને ગોમતી તળાવમાં સંતાડી દહીંનો કુંભ લઈ ગુગળીઓને સાંત્વના આપવા ગયા. ગુગળીઓ ગુસ્સે થયા અને ટોળામાંથી એક વ્યક્તિએ બોડાણા તરફ ભાલો ફેંક્યો, જેનાથી બોડાણાને ઈજા થઈ તેજ સમયે ભગવાનના સ્વરૂપને જે ગોમતી નદીમાં સંતાડ્યું હતું તેને પણ ઈજા પહોંચી આથી ગોમતી તળાવનું પાણી શ્રીકૃષ્ણના લોહીથી લાલ થઈ ગયું. એમ કહેવાય છે કે, જે જમીન ઉપર આ સ્વરૂપ હતું તે જમીન હજુ પણ લાલ છે. ગોમતી તળાવની મધ્યમાં શ્રીકૃષ્ણ ભગવાનને સંતાડવામાં આવ્યા હતા તે સ્થાન ઉપર શ્રીકૃષ્ણ ભગવાનના પગલાં સાથેનું નાનું મંદિર બાંધવામાં આવ્યું છે.

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ અને પવિત્ર યાત્રાધામ ડાકોર ખાતે ફાગણી પૂનમના મેળાનું અનેરું મહત્ત્વ છે. આ દિવસે લાખ્ખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ, પદયાત્રિકો પદયાત્રા કરીને આવે છે અને પાવન થાય છે. પ્રતિવર્ષ આ ભાવિક ભક્તોની ભીડમાં વધારો થતો જાય છે. આ ધસારાને પહોંચી વળવા તેમજ પદયાત્રી માર્ગ પર અને ડાકોર શહેરમાં યાત્રિકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સઘન આયોજન કરવામાં આવે છે. યાત્રિકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે અને સરળતાથી રણછોડરાયજીના દર્શન થાય તે માટે સુચારું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

આ મેળા દરમિયાન કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે એ માટે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ઘનિષ્ઠ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. ઉપરાંત મોબાઈલવાન અને ઘોડેસવાર પોલીસ પણ કાર્યરત રહે છે. યાત્રાળુઓની આરોગ્ય સુખાકારીની કોઈ તકલીફ ઊભી થાય તો તેને પહોંચી વળવા પદયાત્રિક માર્ગ પર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક સારવાર મળી રહે તે માટે બુથ ઊભા કરવામાં આવે છે. પીવાનું શુદ્ધ પાણી પ્રાપ્ત થાય તે માટે પીવાના પાણીના કેન્દ્રો પણ ઊભા કરવામાં આવે છે. યાત્રાળુઓના ધસારાને પહોંચી વળવા અને યાતાયાતની સુલભ વ્યવસ્થા માટે એસ.ટી.વિભાગ દ્વારા ડાકોર ખાતે મુખ્ય બસ મથક સિવાય મેળા પૂરતું અલાયદું બસ સ્ટેન્ડ ઊભું કરવામાં આવે છે ત્યાંથી અમદાવાદ, વડોદરા, ગોધરા-પંચમહાલ માટે વધારાની બસો દોડાવવામાં આવે છે.

# વૌઠાનો મેળો
## (ધોળકા)

અમદાવાદના ધોળકા તાલુકાના નાના એવા વૌઠા ગામ ખાતે કારતક સુદ પૂર્ણિમાના દિવસે વૌઠાનો સુઆયોજીત મેળો ભરાય છે. મેળાનું સ્થળ સપ્તસંગમ સાત નદીઓના સંગમ તરીકે ઓળખાય છે. વાસ્તવમાં તો વૌઠા આગળ સાબરમતી અને વાત્રક એમ બે મુખ્ય નદીઓ જ મળે છે. આ બે નદીઓનો તે અગાઉ સાબરમતીમાં હાથમતી નદી અને વાત્રકમાં ખારી, મેશ્વો, માંજમ અને શેઢી નદીઓ મળે છે. આ રીતે અહીં સાત નદીઓનો સંગમ થાય છે.

ભાલ અને નળકાંઠાના લોકો તેમજ ઠાકોર, રાણા, દરબાર, કાછિયા પટેલ અને રાજપૂત કોમના લોકો ત્યાં પાલ એટલે કે છાવણી નાખી બે-ત્રણ દિવસ રહે છે, અને સપ્ત નદીઓના પવિત્ર સંગમમાં સ્નાન કરે છે. અહીં પૂર્ણિમાના સ્નાનનું અનેરું મહત્ત્વ છે.

ગુજરાતના મધ્યમાં આવેલાં આ સ્થળનું મહત્ત્વ પુરાણોમાં છે. મહાભારતના વિરાટનગરનું સ્થાન અત્યારના ધોળકામાં છે, જ્યાં પાંડવો તેરમા વર્ષે અજ્ઞાતવાસ ગાળવા રહ્યા હતા. વૌઠામાં આવેલાં મહાદેવનાં મંદિર માટે ઘણી બધી લોક વાયકાઓ છે. કહેવાય છે કે, ભગવાન શિવના જ્યેષ્ઠ પુત્ર કાર્તિક સ્વામી જે



સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરતા રહે છે તે કાર્તિકી પૂર્ણિમાએ ચૌક્કસ આ મેળામાં પવિત્ર સ્નાન કરવા આવે છે. વૌઠામાં આજે પણ તેમની ચરણપાદુકાનું પૂજન થાય છે. આથી પૂનમનો દિવસ ભારે ભીડ વાળો હોય છે. મેળામાં અનેક હાટ મંડાય છે. જ્યાં નાના-મોટા અનેક વેપાર થાય છે.

આ મેળાનું મુખ્ય આકર્ષણ તો ગધેડાનું બજાર છે. અહીં સારામાં સારા અને ઊંચી જાતના ગધેડા વેચાણ માટે આવે છે. ગધેડા બજાર ઉપરાંત અહીં પરંપરાગત વણઝારાઓનો સમુદાય પણ ઉતરી પડે છે જેઓ ૪ હજાર કરતાં પણ વધુ ગધેડા વેચાણ માટે લાવે છે. સાથોસાથ મેળામાં ઊંટનો પણ



વેપાર થાય છે. અહિં ગધેડાઓને લાલ, પીળા, ગુલાબી અને કેસરી રંગ ગળે અને પીઠ પર રંગ લગાવવામાં આવે છે. જે રંગીન પશુઓના મેળાની પ્રતીતિ કરાવે છે.

છેલ્લા થોડા વર્ષોથી રાજ્ય સરકાર દ્વારા આ મેળાનો પ્રચાર-પ્રસાર થવાથી હવે દૂર દૂરથી લોકો અહીં ખાસ 'રંગીન ગધેડા બજાર' જોવા આવે છે. શણગારેલા ઊંટ અને ઊંટ ગાડીઓ, નદીના વહેતા પાણીમાં આવતો જતો લોક સમુદાય, ટ્રેક્ટરની સતત અવરજવર અને છાવણીઓ-પડાવોથી બનતું ભરચક દ્રશ્ય વૌઠાને રંગીન બનાવે છે.





# ભરૂચના મેળાઓ



નર્મદાની ગોદમાં વસેલા ભરૂચ શહેર અને જિલ્લાના પાયામાં ભવ્ય ભૂતકાલીન ઇતિહાસ ભંડારાયેલો છે. ભૃગુઋષિની તપો ભૂમિ ભૃગુતીર્થ આજનું ભરૂચ બલિરાજાના સમયકાળ જેટલું પ્રાચીન અને ભગવાન વામનની અવતારી લીલાની યાદ તાજી કરાવે છે. દ્રવિડ સંસ્કૃતિના સમયમાં ભૃગુકચ્છ બંદર તરીકે જાણીતું હતું.

તા. ૨ ઓક્ટોબર, ૧૯૯૭ના રોજ તત્કાલીન ગુજરાત સરકારે રાજ્યના નવા જિલ્લાઓની રચના કરતાં ભરૂચ જિલ્લાનો રાજપીપળા પ્રાંત નર્મદા જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો, જેમાં રાજપીપળા, સાગબારા, અને દેદિયાપાડા તાલુકાઓનો સમાવેશ કરાયો છે, જ્યારે ભરૂચ જિલ્લામાં ભરૂચ, આમોદ, વાગરા, જંબુસર, અંકલેશ્વર, હાંસોટ, ઝઘડિયા અને વાલિયા તાલુકાઓનો સમાવેશ કરાયો છે.

કેટલાક ધાર્મિક તહેવારો દરમિયાન ભરૂચમાં એક જ દિવસે ઠેર ઠેર મેળાઓ ભરાય છે. નર્મદા તટના સ્થળોમાં મેળા જોવા મળે છે. આદિવાસીઓમાં મેળા વિશેષ મહત્ત્વ ધરાવે છે. અહીંના કેટલાક મેળાઓમાં આદિવાસી પ્રજા જ ભાગ લે છે. આદિવાસી અબાલવૃદ્ધ સહુ એક સરખા આનંદથી મેળાની મઝા લે છે. સમગ્ર ભરૂચ જિલ્લામાં ૯૨ જેટલા નાના મોટા મેળા ભરાય છે. જેમાં પ્રખ્યાત મેળાઓનો અહીં ઉલ્લેખ કરાયો છે.

ભરૂચથી ૧૦ કિ.મી. દૂર આવેલા સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ શુક્લતીર્થ ગામે કાર્તિકી પૂનમનો મોટો મેળો ભરાય છે. અહીં ઓમકારેશ્વર અને શુકલેશ્વર મહાદેવના મંદિરોમાં લોકો ભક્તિભાવથી પૂજા કરે છે. ભાડભૂત અને કડોદમાં ભારેશ્વર મહાદેવ અને કોટેશ્વર મહાદેવના મંદિરો છે. આ સ્થળોએ અધિક ભાદરવા અને અધિક વૈશાખ માસમાં મોટા મેળા ભરાય છે. ભરૂચમાં એવા પણ કેટલાક મેળાઓ છે કે ૧૮ વર્ષે એક વાર યોજાય છે. જેમકે, ભાડભૂતનો મેળો, કોટેશ્વર મહાદેવ-કડોદનો મેળો, નાંદનો મેળો વગેરે. ભરૂચ શહેરના નર્મદા કિનારે ભાડભૂતેશ્વર મંદિર આવેલું છે. આ મેળો દર અઢાર વર્ષે યોજાય છે. ૧૮મી સદીમાં બંધાયેલ ભાડભૂતેશ્વર મહાદેવ ઉપરાંત અહીં પંચમુખી મહાદેવ, અંબાજી, રામજી,



સત્યનારાયણ, દત્તાત્રેય, સૂર્યદેવ, બળિયાદેવ, ભૈરવીમાતા, રણછોડજી તથા નિલકંઠ મહાદેવ વગેરેના મંદિરો તથા એક મસ્જિદ પણ આવેલી છે.

ભરૂચથી ૧૪ કિ.મી.ના અંતરે શુક્લતીર્થની નજીક આવેલું કોટેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર નર્મદા યાત્રાના યાત્રિકો માટે અનોખું મહત્ત્વ ધરાવે છે. કડોદ ગામે નર્મદા તટે આવેલા આ મંદિરે દર ૧૮ વર્ષે યોજાતી નર્મદા યાત્રા સમયે મોટો મેળો ભરાય છે. તેમજ ત્યાં આવેલાં નંદાદેવીના મંદિરે પણ દર ૧૮ વર્ષે નાંદનો મેળો ભરાય છે.

ભરૂચથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલાં આદિવાસીઓની વસ્તીવાળા રતનપોર ગામથી બે કિ.મી.ના અંતરે બાવાઘોરનો ડુંગર આવેલો છે. જ્યાં બે જૂની દરગાહો અને ડુંગર ઉપર દૂધિયું તળાવ છે. દર વર્ષે ભાદરવા માસના છેલ્લા ગુરુવારે તથા રજબ માસની ૯ અને ૧૦ તારીખે અહીં મેળો ભરાય છે.

ભોઈ જ્ઞાતિના ઈષ્ટદેવ ઘોઘારાવનું મંદિર ભરૂચ ભોઈવાડામાં આવેલું છે. જ્યાં દર વર્ષે શ્રાવણવદ નોમના દિવસે મેઘરાજાની છડી ઝુલાવવાનો ઉત્સવ ઉજવાય છે. આ મેઘ મેળો એક અનોખો ઉત્સવ છે. સમગ્ર ભારતમાં કદાચ ક્યાંય મેઘરાજાના આવા ઉત્સવની પ્રણાલિકા નથી.

આ ઉત્સવની મૂળ શરૂઆત કરનાર યાદવ વંશની ભોઈ નામની પેટા જ્ઞાતિ છે. અહિં મેઘરાજાને અનુલક્ષીને ચાર દિવસનો મોટો મેળો ભરાય છે.

# ક્વાંટનો મેળો

ઉત્તર ગુજરાતના ગરાસિયા આદિવાસીઓની જેમ પૂર્વ ગુજરાતના રાઠવા આદિવાસીઓને સંગીત, નૃત્ય, રંગીન પોશાક અને આકર્ષક ઘરેણાંનો અનહદ શોખ હોય છે. વડોદરાથી આશરે ૧૦૦ કિ.મી. અંતરે આવેલાં રાઠવા આદિવાસીઓના મૂળ વતન છોટા ઉદેપુરમાં એટલે કે, પંચમહાલના છેડે મધ્યપ્રદેશની સરહદે આવેલા ક્વાંટ ગામમાં હોળી પછીના પાંચમા દિવસે આ મેળો ભરાય છે.

પચ્ચીસ ગામોમાંથી અને મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનમાંથી આદિવાસીઓ રંગબેરંગી કપડાં પહેરી મેળો માણવા આવે છે. સાથોસાથ અનેક દેશોમાંથી ઘણાં લોકો આદિવાસી સંસ્કૃતિનું રસપાન કરવા આ મેળામાં આવે છે. રાઠવા આદિવાસીઓ કુશળ બાણાવળી હોય છે. રાઠવાઓ વનરાજીથી છવાયેલાં જંગલોમાં ઘાસ, વાંસ, પાંદડા અને માટીથી બનાવેલા ઘરોમાં રહે છે. હવે તો તેઓ જાતે બનાવેલી સ્થાનિક માટીની ટાઈલ્સનો ઉપયોગ કરતાં થયાં છે. આ લોકો માટીથી લીંપેલી દિવાલો ઉપર





પીઠોરાનું ચિત્રણ પણ કરે છે. આ પીઠોરાના ચિત્રણ પછી તેઓ માને છે કે, આ ચિત્રણ દ્વારા ઈશ્વર તેમના ઘરમાં વસ્યાં છે.

આવું જ ચિત્ર મેળામાં પુરુષો પોતાના આખા શરીર પર સફેદ ટપકાં કરીને કરે છે. સાથોસાથ મોરના પીછાં, વાંસની રંગીન ટોપી અને બળદના ગળે બાંધી શકાય તેવા મોટા ઘૂઘરાનો કંદોરો બનાવી કેડ ઉપર પહેરે છે. ત્યારબાદ ઢોલ પર વાગતા નાદ સાથે તાલ મેળવી યુવતીઓને રીઝવવા નૃત્ય કરે છે. આમ નૃત્ય સમયે એક સરખા તાલબદ્ધ વાગતા ઘૂઘરાનો અવાજ કર્ણપ્રિય હોય છે. આદિવાસીઓના આ મેળામાં લગ્ન સંબંધો પણ બને છે જે સામાજિક જીવનને ધબકતું રાખે છે.

મેળા દરમિયાન રાઠવા આદિવાસીઓ માટીમાંથી બનાવેલા ઘોડા અને અન્ય દૈવી આકૃતિઓને ગામની બહાર આવેલાં દેવના સ્થાનકે મૂકી આવે છે અને માને છે કે, દેવને તેઓએ ખુશ કર્યા છે. આદિવાસીઓના દરેક મેળાની જેમ આ મેળામાં પણ સંગીત નૃત્યનું ખાસ મહત્ત્વ છે. પાવા, ઢોલ, તૂર અને પીહો જેવા સંગીતના સાધનો સાથે મેળાનું દૃશ્ય આકર્ષક બને છે. મેળામાં સામેલ આદિવાસીઓનો રંગબેરંગી પોશાક અને સુંદર ઘરેણાં તેમને અન્યથી જુદા પાડે છે. ક્વાંટનો મેળો અન્ય આદિવાસી મેળા કરતાં ભિન્ન, પરંતુ સંસ્કૃતિને જાળવનારો અને ઉજાગર કરનારો મેળો છે.

# ગાય-ગૌહરીનો મેળો

ગુજરાતનો આ મેળો દાહોદના ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે ભરાય છે જે ૩૦૦ વર્ષનો ઇતિહાસ ધરાવે છે. આમાં મુખ્ય ભીલ જાતિના લોકો ભાગ લે છે. આ મેળો દિવાળી પછી બેસતા વર્ષ અને ભાઇબીજના દિવસે યોજાય છે. અહીંના લોકોની લાગણી એવી છે કે આખા વર્ષ દરમિયાન આપણે પશુઓનો આપણા જીવનના રોજિંદા કામકાજમાં ઉપયોગ કરીએ છીએ તો એક આખા દિવસ માટે પશુઓને શણગારીને આપણાથી કોઇ ભૂલચૂક થઇ હોય તો ગાયોના ટોળાની સામે સૂઇ જઇને પ્રાયશ્ચિત કરીએ.

ગાય-બળદને જુદા જુદા રંગોથી રંગીને અને મોરપિચ્છથી શણગારી ગામના સરપંચ ગાયની પૂજાની શરૂઆત કરાવે છે. લોકમાન્યતા છે કે, જે વ્યક્તિ કોઇ માનતા માને છે તે પૂરી કરવા માટે આ મેળામાં અચૂક ભાગ લે છે. આ મેળામાં ગાય સાથે બળદોની પણ પૂજા થાય છે. ગામની આસપાસના અન્ય ગ્રામજનો આ મેળામાં ભાગ લે છે.









# ચૂલનો મેળો

આદિવાસીઓ માટે મેળો એવું અમૃતરૂપ છે કે, જેના નામ માત્રથી આદિવાસીઓમાં આનંદ છવાઇ જાય છે. હોળી પહેલા અગિયારસના દિવસે દાહોદ જિલ્લાના ઘણા સ્થળે આમલી અગિયારસના મેળા ભરાય છે, તો વળી હોળીના બીજા દિવસે એટલે કે ધૂળેટીના દિવસે ગરબાડા તાલુકાના ગાંગરડી અને ઝાલોદ તાલુકાના રણીયાર ગામે ચુલનો મોટો મેળો ભરાય છે.

પંચમહાલ, ભરૂચ અને વડોદરા જિલ્લાના આદિવાસીઓ હોળીને બીજે દિવસે ચૂલનો મેળો માણે છે. બપોર સુધીમાં લોકો ધીમે ધીમે એકઠા થાય છે. આ મેળાની વિશેષતા એ છે કે, તેમાં એકાદ ફૂટ પહોળો અને પાંચથી છ ફૂટ લંબાઈનો એક ખાડો ખોદવામાં આવે છે. આ ખાડામાં બાવળના લાકડાના મોટા કોલસા (કટકા) સળગાવીને અંગારા પાડવામાં આવે છે. આ પ્રસંગે આદિવાસી સ્ત્રી-પુરુષો હાથમાં નાળિયેર લઈને પાણીના લોટા લઈ ઉઘાડા પગે







અંગારા પર સાતવાર એક છેડેથી બીજા છેડે જાય છે. પછી પગે લાગી નાળીયેર ફોડે છે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરતાં અહીંના આદિવાસીઓ અંગારા ઉપર ચાલીને બહાર નીકળી જાય છે છતાંય કોઈના પગ સહેજેય દાઝતા નથી. આ પ્રસંગે લોકો પોતાના બાળકો અને ઢોર ઢાંખરના રક્ષણ માટે અગ્નિદેવની બાધા રાખે છે.


કેટલાક પુરુષો અને નાની વયના છોકરાઓ શરીરે હળદર ચોળે છે, આંખે આંજણ લગાડે છે અને આંજણના કાળા ટપકાં ગાલે પણ કરે છે. ફૂગી બાયના પીળા કે લીલા ડગલી જેવા પોલકા અને લાલ ઓઢણીમાં રાઠવી સ્ત્રીઓ પણ આ મેળામાં પોતાના બાળકો લઈને આવે છે. હાથમાં તલવારો અને લાકડીઓ સાથે ઢોલના તાલે નાચતા સ્ત્રી-પુરુષો અને બાળકો ચૂલના મેળાની મસ્તી છે.

# ગોળ ગધેડાનો મેળો

પંચમહાલ વિસ્તારના આદિવાસીઓમાં ચૂલના મેળાની જેમ અતિ પ્રસિદ્ધ એવો 'ગોળ-ગધેડા'નો મેળો ભરાય છે. આ મેળો પણ તેની આગવી વિશિષ્ટતા ધરાવતો મેળો છે. હોળી પછીના પાંચમા, સાતમા કે બારમા દિવસે ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે જાહેર મેદાનમાં 'ગોળ ગધેડા'નો મેળો ભરાય છે. આ મેળામાં આજુબાજુના વિસ્તારમાંથી હજારો સ્ત્રી-પુરુષો ઢોલ વગાડતા વગાડતાં અને આનંદથી નાચતાં-ગાતાં આવે છે.

પૌરાણિક યુગના સ્વયંવરની યાદ તાજી કરાવતા આ ગોળ ગધેડાનો મેળો આદિવાસી સિવાયના અન્ય સમાજે પણ એકાદ વખત તો જોવા જેવો છે. આ પ્રસંગે મેળાના મેદાનની મધ્યમાં ૨૦થી ૨૫ ફૂટ ઊંચો લાકડાનો સમક્ષિતિજ લાંબો સ્તંભ ઊભો કરવામાં આવે છે. તેના ઉપર વીંધ પાડી માણસ ઊભો રહી શકે તેવી રીતે ચાર-પાંચ ફૂટના બે આડા લાકડાના કટકા બેસાડવામાં આવે છે ને થાંભલાની ટોચ પર ગોળ પોટકી લટકાવવામાં આવે છે. દૂરથી જોતા આનો આકાર ઈશુના ક્રોસ સ્તંભ જેવો





લાગે છે. આ સ્તંભની આજુબાજુ યુવાન કુંવારી કન્યાઓ હાથમાં વાંસની સોટીઓ લઈને ઢોલના તાલે તાલે ગીતો ગાતી ગોળાકારમાં નૃત્ય કરે છે. કન્યાઓના આ ટોળાની વચમાં થઈને બે-ત્રણ જુવાનડા થાંભલે ચડે છે. થાંભલે ચઢનાર યુવાનને પેલી યુવતીઓ સોટીઓથી માર મારતી હોય અને છતાંય એ સોટીઓના માર ખાતા ખાતા કોઈ ચપળ મરદ મૂછાળો જુવાનીયો થાંભલા ઉપર સડસડાટ ચઢી જાય છે અને છેક ટોચ ઉપર બાંધેલી ગોળની પોટલી હાંસલ કરી લે છે. પોતે એ પોટલીમાંનો ગોળ ખાય અને નીચે ગોળની ગાંગડીઓ ચારે બાજુ ઉડાડે છે. પછી બધાની નજર ચૂકવી તે નીચે કૂદી પડે છે.

આ પોટલીનો ગોળ લેવા માટે ગધેડા જેવો માર ખાવો પડે છે. આ પ્રક્રિયા અવિરત ચાલુ રહે છે. આ બધી ધાંધલ-ધમાલમાં થાંભલાની ટોચે બાંધેલી પોટલી ક્યાંક અદૃશ્ય થઈ ગઈ હોય ત્યારે પાછળથી થાંભલે ચઢનાર ગોળ વિના ગધેડો બનનાર પુરવાર થાય છે. ગોળની લાલચમાં ગમે તેટલો માર ખાતા જુવાનિયાઓ અચકાતા નથી. કેટલાક જૂથો તો સ્તંભના ઉપરના ભાગે પોતાના જૂથનો ધ્વજ પણ ફરકાવે છે. કેટલાક આદિવાસી વિસ્તારોમાં ગોળના બદલે ધજા પણ મૂકવામાં આવે છે. જૂના વખતમાં કોઈ જુવાનિયો ગધેડા જેવો માર ખાઈને પણ જો ધજા લાવે તો તે કન્યાના ઘેરામાંથી મનપસંદ કન્યાને પરણી શકતો.

આ રમતનો વિજયી પોતાની મનપસંદ કન્યા સાથે લગ્ન કરવાની અનુમતિ મેળવે છે. આથી આ મેળો સ્વયંવરનું પણ રૂપ ધારણ કરે છે તેમ કહી શકાય. આ રિવાજ પ્રાચીન કાળના સ્વયંવરની પ્રથાની યાદ અપાવે છે.

# ડાંગ દરબાર

જંગલોમાં, પર્વતોની વચ્ચે કુદરતના ખોળે વસેલા આદિવાસીઓની જીવન શૈલી અને રીત રિવાજો અનોખા હોય છે. આદિવાસીઓના મેળાઓ પણ અદ્‌ભુત અને વિચિત્ર કહી શકાય તેવા હોય છે. ગુજરાતમાં ગણી-ગાંઠી જગ્યાએ આવા મેળાઓ ભરાય છે. જેમાં ડાંગ-દરબારનું સ્થાન અગ્રેસર કહી શકાય.

ડાંગ દરબારનો ઇતિહાસ તપાસતા જણાય છે કે, ડાંગ પ્રદેશમાં હોળી પર્વનું મોટું મહાત્મ્ય છે. ડાંગ દરબારનો સાંસ્કૃતિક મેળો દર વર્ષે હોળીના દિવસો દરમિયાન જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે યોજાય છે. સને ૧૯૪૨ સુધી ડાંગ જિલ્લાનો વહીવટ ભીલ રાજાઓ અને નાયકો કરતાં. એ જ વર્ષમાં ડાંગના જંગલના પટ્ટાઓ બ્રિટીશરોને આપવામાં આવ્યા હતા. ભીલ રાજાઓ અને નાયકોને પટ્ટાના હક્ક બદલ અને પછી વાર્ષિક વર્ષાસન સ્વરૂપે આપવાની થતી રકમ દર વર્ષે ભીલ રાજાઓ, નાયકો તેમના ભાઈબંધો, પોલીસ, પટેલો અને











કારભારીઓને ડાંગ-દરબાર ભરીને અર્પણ કરવામાં આવતી. દરબાર યોજવા પાછળનો બ્રિટીશરોનો આશય ડાંગી રાજાઓ, નાયકો તથા લોકો એક જ જગ્યાએ એકત્ર થાય તે હતો.

આહવાની આજુબાજુના લાખો આદિવાસીઓ સાત દિવસ ચાલતા ડાંગ દરબાર પાસે એકઠા થતા હતા અને દરબાર તેમની ફરિયાદો સાંભળીને તેનો નિકાલ કરતા હતા. વર્તમાનમાં પણ આ ક્રમ ચાલુ છે. પરંતુ આજે ડાંગના આદિવાસી રાજા બેસે છે જરૂર પણ ફરિયાદોનું નિવારણ તો જિલ્લા કલેક્ટર જ કરે છે.

ડાંગ દરબારમાં ડાંગી રાજાઓ, નાયકો તેમજ તેમના ભાઈબંધો રંગબેરંગી પોશાકમાં સુસજ્જ થઈને આવે છે અને સમગ્ર ડાંગી પ્રજા આદિવાસી સંસ્કૃતિને સુરાવલીઓના મધુર અને કર્ણપ્રિય સંગીતમાં ઢાળીને દરબારને ઉલ્લાસમય વાતાવરણમાં પરિવર્તિત કરે છે.

અહીંના આદિવાસીઓ તેમની વિશિષ્ટતા અનુસાર બનાવેલી વસ્તુઓને નાસિક, સુરત કે પશ્ચિમના દેશોમાંથી આવેલા પ્રવાસીઓ ખરીદે છે. વિવિધ જૂથો પોતાની નૃત્ય કળા, વાદ્ય અને સંગીતકળાનું નિદર્શન કરે છે. આ મેળાની શરૂઆત વડિલોની હાજરીમાં બોનફાયર પ્રગટાવીને કરવામાં આવે છે પછી કહાલિયા અને તાડપુર જેવા વાદ્યોના સુરોથી વાતાવરણ મધુર બની જાય છે. ડાંગ દરબારમાં દેશવિદેશના સહેલાણીઓ આદિવાસી સંસ્કૃતિ માણવા આવે છે. ઉત્સવપ્રિય ડાંગી આદિવાસી પ્રજા માટે મહત્ત્વનો ઉત્સવ એ ડાંગ દરબાર છે.





# ગુજરાતના લોકોત્સવો

આપણાં ઉત્સવોને સંસ્કારો સાથે ગાઢ સંબંધ છે. સંસ્કાર-ઘડતરમાં આ સાંસ્કૃતિક તત્વોનો જ ફાળો રહેલો છે. ઉત્સવો તો ગુજરાતના લોકજીવનનો ધબકાર છે. માનવ સંસ્કૃતિમાં ઉત્સવો-તહેવારો અને તેની ઉજવણીનું વિશિષ્ટ સ્થાન છે, નહીં તો માણસ એકધારી જીવનશૈલીથી કંટાળી જાય.

ગુજરાતમાં આપણે વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવીએ છીએ, જેમ ધાર્મિક સામાજિક અને રાષ્ટ્રીય ઉત્સવોનો સમાવેશ થાય છે. રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, ગણેશ ચતુર્થી, દિવાળી, મોહરમ, બકરી ઈદ, રમજાન ઈદ, બુદ્ધ જયંતી, નાતાલ, પર્યુષણ અને મહાવીર જયંતી વગેરે ધાર્મિક ઉત્સવો છે. ગુરુ પૂર્ણિમા, રથયાત્રા, રક્ષાબંધન, દશેરા અને ધૂળેટી જેવા સામાજિક ઉત્સવો ગણાય જ્યારે મકરસંક્રાંતિ, શરદપૂર્ણિમા અને વસંતોત્સવ ઋતુવિષયક પ્રકૃતિના ઉત્સવો છે. પંદરમી ઑગસ્ટ, છવ્વીશમી જાન્યુઆરી, શહિદ દિન, ગુજરાત રાજ્ય સ્થાપના દિન, રાષ્ટ્રીય નેતાઓની જન્મતિથિઓ વગેરે જેવા રાજ્યોત્સવો અને એવા વિવિધ પ્રકારના ઉત્સવો આપણે પરંપરાગત રીતે ઉજવીએ છીએ. આ ઉત્સવો નાત-જાત, ગરીબ-તવંગર કે ઊંચ નીચના ભેદભાવ વગર સૌ સાથે મળીને ઉજવે છે. કોઈ કારણસર એકલા પડેલાને સમૂહમાં તાણી લાવે છે. હૃદયમાં વસેલા દુઃખ, વેરઝેર કે ક્લેશને દૂર કરી આનંદ-ઉલ્લાસ ઐક્યની ભાવના વિકસાવે છે.

આ લોક ઉત્સવો ફક્ત આનંદ પ્રમોદ માટે જ નથી, તે માનવીને ઈશ્વર તરફ અભિમુખ પણ કરે છે. માનવ જીવનને ધબકતું રાખે છે. ઉત્સવો પ્રસંગે ગલી મહોલ્લાઓ સ્વચ્છ બને છે ઘરનાં આંગણા ખીલી ઉઠે છે મહેકે છે. દેવ-દેવીઓને શણગારો ચડે છે. ઘેર ઘેર રંગોળી, સાથિયા, ચિત્રો દોરાય છે. ચોક કે શેરીઓમાં રાસ-ગરબાની રમઝટ ને હાસ્યના મોજા ઉછળે છે. ગુજરાત પાસે પોતીકા ઉત્સવોનો ભવ્ય અને સમૃદ્ધ સુવર્ણમય વારસો છે.

# પતંગ મહોત્સવ
## (મકરસંક્રાંતિ)




શિયાળાની પૂર્ણાહુતિ અને ઉનાળાની આલબેલ એટલે મકરસંક્રાંતિ, ગુજરાતભરની અગાશીઓમાં પતંગ યુદ્ધ અને કાપ્યો છે....લપેટની બુમાબુમ એટલે મકરસંક્રાંતિ, મકર રાશિમાં પ્રવેશતા સૂર્યની ગતિ ઉત્તર તરફ થતા ઉજવાતો તહેવાર એટલે મકરસંક્રાંતિ, કોઈપણ પ્રકારના ભેદભાવ વિના હિન્દુ-મુસ્લિમ બંને કોમના લોકોના ચહેરા ઉપર ખુશી અને સામાજિક સમરસતા સર્જતો ઉત્સવ એ મકરસંક્રાંતિ...

હિન્દુ માન્યતા મુજબ આ દિવસે પૂજા-દાનનું ખૂબ મહાત્મ્ય હોય છે. ભગવાન છ મહિનાના શયન બાદ જાગે છે અને ભ્રમણ માટે નીકળી પડે છે. આથી ઈશ્વરને પ્રસન્ન કરવા હિંદુઓ ભગવાનને પ્રસાદ ધરી દાન કરે છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ ઉત્તરાયણના સમય દરમિયાન ગૃહપ્રવેશ, દેવ પ્રતિષ્ઠા, વિવાહ, યજ્ઞોપવિત, મુંડન જેવા મંગલકાર્યો કરવા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ મંગલ દિવસે ગંગા, યમુના, સરસ્વતી નદીના પવિત્ર ત્રિવેણી સંગમમાં સ્નાનનું ખૂબ મહત્ત્વ છે.

એક માન્યતા પ્રમાણે ભારતમાં પતંગ ચગાવવાની શરૂઆત મોગલોના આગમન સાથે થઈ હોવી જોઈએ. કાળક્રમે આ પતંગ ઉતરાયણ સાથે જોડાયો. બીજી એક વાયકા એનાથી પણ વધુ રોચક છે. ઈસુના જન્મ પૂર્વે ૨૦૦ વર્ષથી ઈ.સ. ૫૦૦ સુધી પતંગો સિગ્નલ મોકલવાના કામમાં આવતા હતા. શત્રુના કેમ્પનું અંતર જાણવા માટેનું આ શ્રેષ્ઠ સાધન હતું. ઈ.સ. ૯૩૦માં જાપાનીઓએ પતંગને 'શિરોસી' એટલે કે કાગળનું પક્ષી એવું નામ આપ્યું.

ઈ.સ. ૯૬૦થી ઈ.સ. ૧૧૨૬ સુધીમાં ચીનમાં પતંગ ઉડાડવાની રમત પ્રસિદ્ધ બની. સપ્ટેમ્બર મહિનાના નવમા દિવસે જો પતંગ ઉડાડવામાં આવે તો અનિષ્ટનો નાશ થાય તેવું માનવામાં આવ્યું અને પતંગ ઉડાડવાની રમત જાણીતી બની.



પતંગને લોકો 'ચીલ' પણ કહે છે. પતંગનો ધંધો હવે બારમાસી થઈ ગયો છે. એટલું જ નહિ તેમાં વૈવિધ્ય પણ એટલું જ છે જેના કારણે ગુજરાતના પતંગની વિદેશમાં પણ માંગ છે. રાજ્ય સરકારે ગુજરાતના પતંગને વિશ્વના આકાશમાં ઉડતો કર્યો છે. વાયબ્રન્ટ પતંગ મહોત્સવથી આખી દુનિયાના પતંગ રસિયાઓ આકર્ષાયા છે. તેઓ ગુજરાતના ઉત્સવ વૈવિધ્યથી પરિચિત થયા છે, એટલું જ નહીં ગુજરાતની કલા કારીગરીથી પણ તેઓ માહિતગાર થયા છે. દુનિયાના દેશોમાં પતંગની વધેલી માંગના કારણે આજે ગુજરાતમાં પતંગનો અંદાજે રૂ.૧૦૦ કરોડથી વધુનો વેપાર છે.

ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત અને ખંભાત જેવા સ્થળો પતંગના ઉત્પાદનમાં મોખરે છે. આણંદ જિલ્લાનું ખંભાત શહેર વર્ષોથી



પતંગ ઉત્પાદન ક્ષેત્રે ખ્યાતનામ છે. અહીંના કારીગરોને પતંગ બનાવવાની કલા પેઢી દર પેઢી વારસામાં મળે છે. ખંભાતના પતંગો અમેરિકા, લંડન અને આફ્રિકન દેશો સુધી પહોંચ્યા છે. એક અંદાજ પ્રમાણે ખંભાતમાં વર્ષે દોઢ કરોડ પતંગો બને છે. ખંભાતનો પતંગ ઉદ્યોગ વર્ષે અંદાજે રૂપિયા ત્રણ કરોડનું ટર્ન ઓવર ધરાવે છે. ખંભાતના પતંગોમાં વૈવિધ્ય પણ એટલું જ છે. અહીં બે ઇંચથી લઇને ૧૨ ફૂટ સુધીનો પતંગ એક રૂપિયાથી માંડીને બે હજાર રૂપિયામાં મળે છે.

એકલા અમદાવાદ શહેરમાં જ આઠેક કરોડનું બજાર મનાય છે. લગભગ ત્રીસેક હજાર કારીગરો આખું વર્ષ પતંગ બનાવે છે, જ્યારે વીસેક હજાર કારીગરો મોસમ દરમિયાન પતંગો બનાવે છે.

રાજ્ય સરકાર પણ ૧૪મી જાન્યુઆરીની આસપાસ દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન કરે છે. પ્રથમ ગાંધીનગરથી શરૂ થયેલો પતંગોત્સવ હવે તો કચ્છનું રણ, સોમનાથ સહિત રાજ્યના અનેક સ્થળોએ ઉજવાય છે, જેમાં ત્રીસ કરતા પણ





વધારે દેશના પતંગ પ્રેમીઓ સ્પર્ધામાં ભાગ લેવા અને બેનમૂન પતંગબાજી સાક્ષી બનવા ગુજરાતમાં આવી પહોંચે છે. યુ.એસ.એ.ના રાક્ષસી કદના બેનર જેવા પતંગો આકાશને રોકી રાખે છે, તો જાપાનના 'રોકાકુ' પતંગો ઈટાલીના સ્કલ્પચરલ પતંગો સાથે યુદ્ધે ચડે છે અને ચાઈના 'ડ્રેગન' પ્રકારના પતંગો તો આકાશમાં ઉડી રહેલા અનેક પતંગોને મ્હાત કરે છે. પતંગોત્સવ દરમિયાન અમદાવાદના પ્રખ્યાત પતંગ બનાવવાવાળા રસુલભાઈ રહિમભાઈ એક દોરી પર એક સાથે પાંચસો પતંગો ઉડાડી દર્શકોને મંત્રમુગ્ધ કરે છે. હાઈ-ટેક આધુનિક પતંગો, હાઈ સ્પીડ સ્પોર્ટસ પતંગો, બોક્ષ પ્રકારના પતંગો અને હેન્ડ પ્રિન્ટેડ કલાત્મક પતંગોથી આકાશ હર્યુ ભર્યુ અને રંગીન થઈ જાય છે. હવે તો બિનસરકારી સંસ્થાઓ તથા એકમો દ્વારા પણ પતંગોત્સવના આયોજનો થઈ રહ્યા છે.

પર્વ, સંસ્કૃતિ, ઉત્સવ અને મનોરંજનની સાથે સાથે ગુજરાત રાજ્યના વિકાસ માટે બિનનિવાસી ભારતીયો તથા વિદેશીઓને આકર્ષવાના રાજ્ય સરકારના આ નૂતન અભિગમને સૌએ આવકાર્યો છે.

શ્રી ભાગ્યેશ ઝાએ પતંગોત્સવ વિશે લખ્યું છે કે,

**આ પતંગ નહિ પણ સંકલ્પોનો પરિઘોષ છે,**
**રંગીન શમણાં લઈને ઊભા પરિતોષ છે,**
**આ આભ નીચે એક આભ રચાયું,**
**રંગીન એની ભાત,**
**જય જય ગરવી ગુજરાત.**

# રણોત્સવ





ગુજરાતના તળ પ્રદેશથી કંઈક દૂર પણ ગુજરાતનો જ અંગભૂત વિસ્તાર એટલે 'કચ્છ'. તેની આગવી સંસ્કૃતિ આગવો ઇતિહાસ ગુજરાતનાં સમૃદ્ધ પ્રકરણો છે. એક બાજુ સાગર અને બીજી બાજુ રણવાળો, ખસી ગયેલા સમુદ્રની ખાડી વચ્ચેની સાંકડી જમીનથી જોડાયેલો વિસ્તાર. સીર નદી અને સીર ખાડી વચ્ચે ઉત્તર પશ્ચિમે કચ્છનું રણ આવેલું છે. પુરાતન કાળથી ઇતિહાસ સાથે આગવો સંબંધ ધરાવતા કચ્છને પોતાની આગવી, વિશિષ્ટ અને ભાતીગળ સંસ્કૃતિ, પરંપરા, રીત-રીવાજો, સાહિત્ય, સંગીત, કળા અને અસ્મિતા છે. આ અસ્મિતાને ઉજાગર કરે છે 'રણોત્સવ.'

૪૫,૬૧૨ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો કચ્છ પ્રદેશ ગુજરાત રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૩.૨૭ ટકા છે. પૂરી દુનિયાથી અલગ તરી આવતી કચ્છની ભાતીગળ સંસ્કૃતિને ધ્યાને લઈને ગુજરાત સરકાર દર વર્ષે ડિસેમ્બર માસની પૂનમને આવરી લઈ કચ્છના રણમાં 'કચ્છ ઉત્સવ' એટલે ''રણોત્સવનું'' આયોજન કરે છે. શીતળ ચાંદનીમાં ચમકતું રણ, હડપ્પન, સંસ્કૃતિની ઝાંખી, વાઈલ્ડ લાઈફ, હસ્તકળા અને કારીગરી, કાળા ડુંગરની ભવ્યતા ઉપરાંત આ વિસ્તારના લોકજીવનમાં જે વૈવિધ્ય છે તે બેજોડ છે. કચ્છની આ નૈસર્ગિક વિરાસતને એક સાથે માણવાની તક કચ્છમાં યોજાયેલા રણોત્સવમાં મળી રહે છે.

રાજ્ય સરકારે ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત અને લોકજીવનને પ્રવાસન સાથે જોડીને વિશ્વમાં ગુજરાતની આગવી છબી કંડારી છે. રણોત્સવ એ કચ્છની સાંસ્કૃતિક વિરાસત, કચ્છનું ભાતીગળ લોકજીવન અને રણની રમણીયતાનો સુભગ સમન્વય બની રહ્યો છે.

રણોત્સવમાં કચ્છના ધોરડો ગામમાં



આરામદાયક અને સમૃદ્ધ રીતે સજાવેલા ટેન્ટ અને માટીના કૂબા એટલે ભૂંગા ઊભા કરી પ્રવાસીઓને માટે કચ્છના સફેદ રણમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. અનેક પરદેશી પ્રવાસીઓ અને રાજદ્વારીઓ આ રણોત્સવમાં રાત્રે મીઠાના સ્ફટીકોથી આચ્છાદિત થયેલા અને પૂર્ણિમાની શીતળ ચાંદનીમાં એકદમ ચળકતો સફેદ રંગ ધારણ કરતા રણની મોજ માણે છે.

રણોત્સવની મજા ધોરડો ટેન્ટસિટીથી ગુજરાતના અનેરા પ્રદેશ કચ્છના ધાર્મિક-ઐતિહાસિક મૂલ્ય ધરાવતા કેટલાક સ્થળોની મુલાકાત છે. કાળા ડુંગરે ભગવાન દત્તાત્રેયના મંદિરથી દેખાતો ઈન્ડિયા બ્રીજ પ્રવાસીઓને કચ્છના લેન્ડસ્કેપમાં ઓતપ્રોત કરે છે. સાથોસાથ દત્તાત્રેય મંદિરની આરતી બાદ






મંદિરના પૂજારીના સાદને દાદ આપીને ભગવાનનો પ્રસાદ ખાવા આવી પહોંચતા શિયાળના સમૂહને જોવાની અવિસ્મરણીય તક મળે છે. ધરતીકંપ પછી પુનઃસ્થાપિત થયેલા ગાંધીના ગામ તરીકે જાણીતા લુડિયા ગામના મનોહર રૂપકડા માટીના લીંપણવાળા ભૂંગા અને તેના પરના ભીંતચિત્રો જોઈને પ્રવાસીઓ કચ્છની સંસ્કૃતિ પર વારી જાય છે. ધ્રોબા ગામે ભરાતા ભાતીગળ મેળાની મુલાકાત તેઓને કચ્છના અપૂર્વ કલા વારસાની ઝાંખી કરાવે છે. લખપતનો કિલ્લો અને સિંધુ ખીણની ધોળાવીરાની હડપ્પન સભ્યતાના ઉત્ખનનનું સ્થળ વિદેશી પ્રવાસીઓને પ્રાચીન સભ્યતાનો સ્પર્શ કરાવે છે.

માતાનો મઢ, નારાયણ સરોવરના દર્શન, માંડવી - મુંદ્રાનો દરિયાઈ વૈભવ ઉપરાંત પક્ષી અભયારણ્યમાં ભારતીય ઘોરાડ પક્ષીઓ અને લેસર ફ્લોરિકન જેવા પક્ષીઓની સૃષ્ટિને માણવાનો અવસર રણોત્સવ દરમિયાન પ્રવાસીઓને મળે છે.

'રણોત્સવ'નો રણકાર તો પૂનમની ચાંદનીમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ સુલેમાન ઝુમ્માની નોબતની રમઝટ ઉપરાંત શરણાઈના સૂર અને જોડિયા પાવા, સંતાર, મોરબી અને મોરચંદ વાદ્યના મધુરનાદથી આ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રવાસીઓ માટે અવિસ્મરણીય બની જાય છે. ભૂજમાં હમીરસર તળાવના કિનારે કચ્છ કાર્નિવલનું આયોજન થાય છે. મા આશાપુરા, મા રવેચી અને મા જોગણની સ્તુતિથી સમગ્ર કાર્યક્રમ ભાવનાત્મક બની રહે છે. વિદેશના પ્રવાસીઓને આકર્ષવા દર વર્ષે રણોત્સવમાં કંઈકને કંઈક નવું ઉમેરાતુંજાય છે.

રણોત્સવનો એક અભિન્ન અંગ એવો હસ્તકળા અને કારીગરીનો મેળો છે. ધોરડો ગામ









પાસે કચ્છની કસબ પ્રદર્શિત કરતા હાટ મેળામાં બન્ની ભરત, આરી ભરત, સૂફ ભરત, રબારી ભરત અને મુતવા ભરતથી ભરચક ચોક, કુશન કવર, બગલ થેલા, મોબાઈલ કવર, બટવા વગેરે ખરીદી શકાય છે. કચ્છ તેના હેન્ડ બ્લોક પ્રિન્ટ્સ, અજરખ પ્રિન્ટ, બાટીક પ્રિન્ટ, રોગન પ્રિન્ટ્સ, બાંધણી, કોટન અને મશરૂ વણાટકામ, વુલનમાડા, ચામડા અને લાકડા પરનું નકશીકામ અને ટેરાકોટાનું કેન્દ્ર હોવાથી 'રણોત્સવ'માં આવેલા પ્રવાસીઓનું વિશેષ પ્રિય રહ્યું છે.

આ ઉત્સવ દ્વારા કચ્છના સાંસ્કૃતિક-ઐતિહાસિક અને નૈસર્ગિક વૈવિધ્યને માણવાનો અનેરો અવસર મળે છે. અહીં રણની રમણિયતા પણ આકર્ષે છે. આમ કચ્છનું રણ એ ગુજરાતનું તોરણ બની રહ્યું છે.



# નવરાત્રિ મહોત્સવ









ગરવા ગુજરાતની ગરવી સાંસ્કૃતિનો ઇતિહાસ ગુજરાતના ગરબામાં ધરબાયેલો છે. શક્તિની સાધનાનું પરમ પર્વ એટલે નવરાત્રિ. આસો મહિનાના પ્રથમ નવ દિવસો દરમિયાન ચાલતો શક્તિની ઉપાસના-આરાધનાનો ઉત્સવ એટલે નવરાત્રિ. ગુજરાતી લોકજીવનમાં સંગીત અને નૃત્યનો ગાઢ અભેદ્ય છે. નવરાત્રિનો ઉત્સવ શક્તિપૂજાનો ઉત્સવ છે.

નવરાત્રિમાં ગર્ભદીપ અર્થાત્ કાણાંવાળા ઘડામાં દીપ મૂકીને લોકનૃત્યના જાણીતા પ્રકાર એવા ગરબા અને ગરબીઓ ગાવામાં આવે છે. માટીમાં જવારા ઉગાડવામાં આવે છે. નવ દિવસ અને રાત માતાજીની મૂર્તિ સમક્ષ અખંડ દીપ રાખવામાં આવે છે. નવરાત્રિના મહોત્સવ માટે પૌરાણિક કથા પ્રચલિત છે. મહિષાસુર નામના અતિશક્તિશાળી દાનવથી દેવો અને માનવો ત્રાહિમામ પોકારતા હતા. દૈવી શક્તિઓનો પ્રભાવ ઓછો થતો જતો હતો. ભયભીત થઈ ઉઠેલા દેવોએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પ્રાર્થના કરી. દેવોની આરાધનાથી પ્રસન્ન થયેલાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના પુણ્ય પ્રકોપથી ઉત્પન્ન થયેલી દૈવી શક્તિથી



મહિષાસુર હણાયો. આસુરીવૃત્તિ ડામી દેતી અને દૈવી શક્તિની પુનઃ સ્થાપના કરતી આ દૈવી શક્તિ એ જ મા અંબા-જગદંબા. વેદોમાં પણ શક્તિની ઉપાસનાનું મહત્ત્વ આંકવામાં આવ્યું છે. મહર્ષિ વ્યાસે પાંડવોને શક્તિ ઉપાસનાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

મા દુર્ગાની આરાધનાનું પર્વ નવરાત્રિના પ્રથમ દિવસથી જ ગરબાની રમઝટ જામે છે તે છેક દશેરા સુધી આ આનંદનો ઉત્સવ ઉજવાય છે. ગામડું હોય કે શહેર આ લોકોત્સવમાં નર-નારીઓ શ્રદ્ધાપૂર્વક રાસ ગરબાની રમઝટ જમાવે છે. આપણા કૃષિ પ્રધાન રાષ્ટ્રમાં નવરાત્રિ નવા ધન-ધાન્યનો પણ ઉત્સવ છે. ગરબામાં ગીત, સ્વર, લય અને તાલ મહત્ત્વના છે. મોટા ભાગે મ્હાડ, પીલું, કાફી, ધનાશ્રી, કાલિંગડો અને સારંગ રાગોના મિશ્રણમાંથી ગરબાનું માધુર્ય ટપકે છે. ગરબામાં એક તાળી, ત્રણ તાળી, ચપટી, દાંડીયા વગેરે પ્રકારો પ્રચલિત છે.

ગુજરાતમાં ફક્ત નવરાત્રિમાં નહિ, પણ પ્રત્યેક પ્રસંગો-તહેવારોમાં નૃત્ય-રાસનું મહત્ત્વ છે. જેમકે રાસડા, ગોફ ગુંથન કે અઠીંગો, પઢારોના રાસ નૃત્યો, મેર નૃત્ય, સીદીઓનું ધમાલ નૃત્ય, ટિપ્પણી રાસ, ટીટોડો, મટકી રાસ, ઘૂમર અને સંગીત નૃત્ય અને નાટ્યનો સમન્વયઃ ભવાઈ. નવરાત્રિ દરમિયાન ઠેરઠેર ગરબાની સાથે ભવાઈનું પણ આયોજન થાય છે. ગીત, નૃત્ય અને અભિનયના માધ્યમથી સમયની રૂઢિઓ પર ચાબખા મારીને લોકોને પોતાની જ મૂર્ખાઈ પર ખડખડાટ હસાવવાનું કામ નાયક કોમના લોકો ભવાઈના માધ્યમથી કરતા. ભવાઈની પરંપરાનો પ્રારંભ અસાઈત ઠાકર નામના કલાકારે કર્યો હોવાનું મનાય છે. ભૂંગળવાદનથી ભવાઈનો પ્રારંભ થાય છે. જે ભવાઈ માટે અનિવાર્ય લોકવાદ્ય છે. તેવી જ રીતે રંગલો-રંગલીનું અતિ લોકપ્રિય બનેલા પાત્રો ભવાઈ નાટ્યકલાની દેણ છે.

હાલના સમયમાં પરંપરાગત કલા તરીકે ભવાઈને જીવંત રાખવા રાજ્ય સરકાર દ્વારા ભવાઈના જન્મ સ્થળ ગણાતા એવા ઉત્તર ગુજરાતના વિસનગર ખાતે ભવાઈ તાલીમ શાળા ચાલે છે અને તેના કલાકારોને પ્રોત્સાહન મળે તે માટે રસીકરણ, કુટુંબ કલ્યાણ જેવા રાષ્ટ્રીય કાર્યક્રમોના પ્રચાર માટે તેમની કલાનો ઉપયોગ કરાય છે.

વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ નવરાત્રિને વાયબ્રન્ટ નવરાત્રિના રૂપમાં રજૂ કરી રાજ્ય સરકારે દેશ-વિદેશથી અનેક પ્રવાસીઓને આકર્ષ્યા છે. આ ઉત્સવને ધર્મનો-શ્રદ્ધાનો રંગ લાગ્યો હોવાથી તેનો આનંદ મર્યાદાની લક્ષ્મણ રેખા ક્યારેય ઓળંગતો નથી. ધર્મ સંસ્કારોને કારણે લોક સમાજમાં આનંદની સાથે સાથે આપોઆપ સંયમ આવે છે.

# દિવાળી

વિશ્વની પ્રત્યેક પ્રજા કોઈને કોઈ પ્રકારના ઉત્સવો ઉજવીને જીવનમાં ઉત્સાહ અને પ્રેરણાનું સિંચન કરતી હોય છે. એક અંદાજ મુજબ વર્ષના ૩૬૫ દિવસોમાં હિન્દુ પ્રજાના ઉત્સવોનો આંક કુલ એક હજાર જેટલો થવા જાય છે. આ પૈકીના કેટલાક વહેતા સમયની સાથે પોતાનો પ્રભાવ ગુમાવી બેઠા છે તો કેટલાક માત્ર અમુક સંપ્રદાયો પૂરતા મર્યાદિત રહ્યા છે. આ બધા જ ઉત્સવોમાં ગુજરાત માટે સૌથી પ્રભાવશાળી ઉત્સવ દીપાવલીનો છે. વાઘબારસથી શરૂ કરીને ભાઈબીજ સુધીનો સળંગ છ દિવસનો આ તહેવાર ભારતીય પરંપરાનો એક મહત્ત્વનો ભાગ છે.

ગુજરાતી વર્ષના પ્રારંભમાં બેસતું વર્ષ આનંદ અને ઉત્સવનું પર્વ બને છે. દીપાવલીનો તહેવાર એ ઐશ્વર્યની અધિષ્ઠાત્રી દેવી મહાલક્ષ્મીની પ્રસન્નતા માટેની પૂજાનું પણ પર્વ છે. શ્રી, શક્તિ અને સરસ્વતી એ ત્રણે મહાશક્તિઓનું પર્વ છે. સિંધુ સંસ્કૃતિના યુગમાં આ ઉત્સવ નૈસર્ગિક રૂપે ઉજવાતો. સમય જતા એ કૃષિ ઉત્સવ બન્યો ત્યારપછી એણે લોકોત્સવનું સ્વરૂપ ધારણ કર્યું. ધાર્મિક ભાવના તો એમાં પાછળથી ઉમેરાય છે.









દિવાળીનો ઉત્સવ ધનતેરસથી આરંભાય છે. દેવોના વૈદ્ય ધનવંતરીનો જન્મદિવસ એટલે કે ધનતેરસે લક્ષ્મીજીની પૂજા કરવામાં આવે છે. આ દિવસે સ્ત્રીઓ આંગણે આસોપાલવના તોરણ બાંધી પાંદડાના પડિયા બનાવી અંદર દીપ પ્રગટાવી નદીઓમાં તરતા મૂકે છે. આ જ દિવસથી દરેક ઘરના આંગણે રંગોળી કરવાની શરૂઆત થઈ જાય છે. દીપાવલીના ઉત્સવમાં જેટલું મહત્ત્વ દીપમાલાનું છે, તેટલું જ મહત્ત્વ ઘરનાં આંગણામાં શોભતી રંગોળીનું છે.

કાળી ચૌદશના દિવસે ખેડૂતો ઉકરડા ભરીને ખેતરમાં નાખે છે. શક્તિનું પૂજન કરે અને ભૂવાઓ તંત્ર વિદ્યા કરે છે. આ દિવસે આંખોમાં મેશ આંજવાનું મહત્ત્વ છે. દિવાળીએ આ તહેવાર પૂરબહારમાં ખીલી ઉઠે છે. પહેલાંના જમાનામાં દિવાળીની સમી સાંજે કુંભાર ચાકડા પર મેરાયા ઉતારતા હતા. ગામના છોકરાઓ મેરાયામાં કપાસિયા નાખી તેલવાળો કાકડો પ્રગટાવી પોતાના ઢોરને (પશુને) મેરાયું બતાવતા કહેવાતું કે એનાથી ઢોરમાં રોગચાળો નથી આવતો. આ દિવસે વણઝારા અને ઠાકોર પોતાના પશુઓના શરીર અને શીંગડા રંગતા. આ તો થઈ જૂના જમાનાની વાત. હાલના સમયમાં તો નવા કપડાં, સ્વાદિષ્ટ મિઠાઈ, અવનવા ફટાકડા અને મિત્રોનો મેળાવડો જામે છે.

બેસતા વર્ષની વહેલી સવારે ગામડાની સ્ત્રીઓ ઘરમાંથી અળસ કાઢે છે. હાથમાં કાળુ કૂટેલું હાલ્લું કે તાવડીના કટકા લઈ ઉકરડે નાખવા જાય છે. આ કરવા પાછળ અળસ એટલે આળસને દરિદ્રતા જાય ને પુરુષાર્થ વડે ઘરમાં મહેનતની કમાણીની લક્ષ્મી આવે તેવી ભાવના હોય છે. આ દિવસે નાનાં લોકો પોતાના વડિલોને અભિનંદન પાઠવીને આશીર્વાદ મેળવે છે. પહેલા વર્ષનો બીજો દિવસ તે ભાઈબીજ. તે દિવસે યમરાજે પોતાની બહેન યમુનાને ત્યાં ભોજન કરેલું તેની યાદમાં દરેક ભાઈ તેની બહેનના ઘરે ભાવપૂર્વક ભોજન લે છે.

આમ, દિવાળીનો ઉત્સવ માનવ હૈયાંને જોડીને એમાં અંતરની અમીરાત પ્રગટાવનારો બની રહે છે.

# દશેરા

દશેરા એ નવરાત્રિના નવ દિવસ શક્તિની આરાધના કર્યા પછીના પરિપાકનો દિવસ છે. આ દિવસે મહિષાસુર રાક્ષસ પર મા દુર્ગાએ વિજય પ્રાપ્ત કર્યો હતો. આ દિવસે ભગવાન રામચંદ્રજીએ રાવણનો વિનાશ કર્યો હતો. આમ, અનિષ્ટ તત્ત્વો ઉપર ઈષ્ટ તત્ત્વોના વિજયનો દિવસ હોવાથી વિજય મુહૂર્ત અથવા વિજયોત્સવ તરીકે આ દિવસ ઉજવાય છે, કેટલાક તેને દશહરા એટલે દશ પ્રકારના પાપોને હરનાર પર્વ પણ કહે છે.

અજ્ઞાન ઉપર જ્ઞાનના, અસત્ય પર સત્યના, પાપ ઉપર પુણ્યના અને દુરાચાર ઉપર સદાચારના વિજયનું પ્રતિક એવો દશેરાનો પર્વ માનવીને દુર્વૃત્તિઓનો ત્યાગ કરી સદ્‌વૃત્તિઓનું આચરણ કરવાની પ્રેરણા આપે છે. આ દિને બ્રાહ્મણો સરસ્વતીજીનું પૂજન કરી વિદ્યારંભ કરે છે. ક્ષત્રિયો પોતાના હથિયારો અને પશુઓનું પૂજન કરે છે. પ્રારંભમાં દશેરા એ કૃષિમહોત્સવ હતો. પાછળથી એનું સ્વરૂપ બદલાતા તે માત્ર મહોત્સવ બન્યો.



પ્રાચીનકાળમાં આ દિનો રાજા મહારાજાઓની સવારી નીકળતી. રાજાઓ સરહદ (સીમા) ઓળંગી શત્રુઓ પર ચઢાઈ કરતા. આજે પણ અમુક ગામડાઓમાં આ



ક્ષાત્રત્વના સંસ્કારો દેખાઈ આવે છે. દશેરાના દિવસે ક્ષત્રિયો સમી (ખીજડા)ના વૃક્ષનું પૂજન કરી તેના પાંદડાને સોનું ગણીને અને થડની માટીને સુવર્ણ જેવી પવિત્ર માટી માનીને ઘરે લઈ આવે છે. દશેરાના પ્રસંગે ખૂબ મીઠાઈ ખાવાનો અને ઘોડા દોડાવવાનો રિવાજ તો ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હજુય પ્રચલિત છે.

# ઉત્તરાર્ધ ઉત્સવ
## (મોઢેરા)



પ્રાચીન શાસ્ત્રીય નૃત્યકલાને જીવંત રાખવાના પ્રયાસ સ્વરૂપે પ્રતિવર્ષ ઉતરાયણ પછી તરત જ મોઢેરા સૂર્યમંદિર સમક્ષ ઉત્તરાર્ધ ઉત્સવનો પ્રારંભ થાય છે. દરેક શાસ્ત્રીય નૃત્યકારોના મનમાં એક જ ઝંખના હોય છે કે મોઢેરાના સૂર્યમંદિર સમક્ષ તેઓ પોતાની નૃત્યકલા પ્રસ્તુત કરે. સુપ્રસિદ્ધ મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપમાં સોલંકીકાળમાં આવા નૃત્યની પરંપરા હતી. આવી ઉજળી સાંસ્કૃતિક પરંપરાને જાળવી રાખવા ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨થી સૂર્યમંદિરના સાંનિધ્યમાં બે દિવસ માટે ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

પ્રાચીનકાળમાં સોમનાથ, તિરૂપતિ જેવા મંદિરોમાં નર્તકીઓ પોતાના નૃત્યો ઈષ્ટદેવને રીઝવવા પ્રસ્તુત કરતી હતી. આ પરંપરાને આગળ વધારવા શરૂ થયેલા ઉત્તરાર્ધ મહોત્સવમાં જુદા જુદા છ પ્રકારોની અભિવ્યક્તિ થાય છે. ભરતનાટ્યમ્, કથ્થક, ઓડીસી, મણિપુરી, કથકલી જેવા નૃત્ય પ્રકારોની અભિવ્યક્તિ અહીં શ્રેષ્ઠ રીતે થાય છે.

સંસ્કારોના આદાન પ્રદાન અને સંગીત તથા નૃત્ય જેવી કલાઓના ખજાનાથી ભરપૂર ગુજરાત રાજ્યની પ્રજાને પાંરપારિક ઉજવણીમાં સતત ભાગીદાર રાખવા ઉજવાતા મોઢેરાના ઉત્તરાર્ધ ઉત્સવમાં રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા મહેસાણા જિલ્લાનું વહિવટી તંત્ર સતત પ્રયત્નશીલ રહે છે. ગ્રામજનોમાં આજે પણ શિલ્પ, સ્થાપત્ય, સંસ્કૃતિ અને કલાને જીવંત રાખી લોકોને સહભાગી કરવાનો રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ છે.

આમંત્રિત મહેમાનો, ઉચ્ચ અધિકારીઓ અને સુસંસ્કૃત પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં નૃત્ય જગતના નિષ્ણાત કલાકારો મોઢેરાના સૂર્ય મંદિરના પરિસરમાં ઉભા કરાયેલા મંચ પર શાસ્ત્રીય નૃત્યોની અવર્ણનીય રજૂઆત કરે છે. નૃત્ય મહોત્સવમાં મોઢેરાના પ્રખ્યાત સૂર્યમંદિર અને સૂર્યકુંડ અદ્‌ભુત લાઈટ અને દીવાઓથી



ઝળાહળા શણગારવામાં આવે છે.

સંગીત, નર્તન અને સ્થાપત્યના ત્રિવેણી સંગમ એવા ઉત્તરાર્ધ ઉત્સવમાં દર્શક બનવું અનેરો લ્હાવો છે. પુષ્પાવતી નદી, મોઢેરાનું સૂર્ય મંદિર અને નૃત્યકારોના ઘુંઘરૂના ઘમકાર દર્શકોને ભાવવિભોર કરી દે છે. સમગ્ર દેશના શિલ્પકલા અને નૃત્યકલાના સમન્વય સમા ઉત્સવોમાં ખજૂરાહોનો નૃત્ય ઉત્સવ, મોઢેરા સૂર્યમંદિરનો ઉત્તરાર્ધ ઉત્સવ અને કોણાર્ક ઉત્સવનો સમાવેશ થાય છે. આમ, નૃત્યના રસીકો, પ્રવાસના શોખીનો અને ઇતિહાસના મર્મજ્ઞો માટે પણ આ પ્રવાસ ઉત્સવની સાથે મોઢેરા તથા મહેસાણા જિલ્લાના અન્ય સ્થળોની મુલાકાત ચીર સ્મરણીય બની રહે છે.



# તાના-રીરી મહોત્સવ
## (વડનગર)

જગતના ઇતિહાસમાં નગર સંસ્કૃતિનું ખૂબ જ મોટું પ્રદાન રહ્યું છે. પ્રાચીન સમયમાં દ્વારકા, મોઢેરા અને વડનગર એમ ત્રણેય નગરીઓ મહત્ત્વનું સ્થાન ધરાવતી હતી, એમાં વડનગરની સંગીતની પરંપરા ખાસ મહત્ત્વ ધરાવે છે. પહેલેથી જ વડનગર સંગીત, કલા, ગાયન, વાદન અને નૃત્યના પ્રસાર-પ્રચાર માટે સુવિખ્યાત રહ્યું છે.

ભારતીય પરંપરા મુજબ સંગીતમાં ગાયન, વાદન અને નૃત્યનો ત્રિવેણી સંગમ રચાય છે. વડનગરની આસપાસના વિસ્તારમાં એટલે કે, વિસનગર, વડનગર અને ઈડર સુધીના પ્રદેશમાં દોઢીયા તાલની એક વિશિષ્ટતા હતી. સંગીતને સાચવી રાખનાર નાયક નામની જ્ઞાતિ પણ વડનગર, વિસનગર અને ઈડરની આસપાસના પ્રદેશમાં બહુ મોટી સંખ્યામાં વસે છે. જેમણે સંગીત કલાને જાળવી રાખી છે.

વડનગરના પ્રખ્યાત સંગીતકાર બૈજું બાવરાને કોણ નથી જાણતું? બૈજુ બાવરા પછી




આજથી સવાસો વર્ષ પહેલાં સંગીતની ભેટ ધરનાર ભાવનગરના સંગીતકલાધર પંડિત ડાયાલાલ શિવરામ નાયક એ મૂળ વડનગરના જ વતની હતા.

રાજ્ય સરકારે આ કલાના વારસાને જાળવવા અને આખી દુનિયામાં ફેલાવવા છેલ્લા ઘણા વર્ષોથી તાના-રીરી મહોત્સવ ઉજવવાનું શરૂ કર્યું છે. આ મહોત્સવને સાંગોપાંગ પાર ઉતારવા માટે વહિવટી તંત્ર સતત પ્રયત્નશીલ રહે છે.

આવી સંગીત કલાને પ્રાધાન્ય આપનાર વડનગરની બે વિરાંગના કલાધારીણી બહેનો તાના-રીરીને સુરાંજલી આપવા તાના-રીરી ગાર્ડન ખાતે તાના-રીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. હજારો દર્શકો આ મહોત્સવ માણવા આવે છે.



તાના-રીરીની પુરાણકથા ખૂબ રસપ્રદ છે. ૧૬મી સદીમાં ભક્ત કવિ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈએ પોતાની પુત્રી શર્મિષ્ઠાને વડનગર પરણાવી હતી જેના નામ પર રચાયેલુ શર્મિષ્ઠા તળાવ આજે પણ હયાત છે. શર્મિષ્ઠાના ઘરે બે દીકરીઓનો જન્મ થયો, જેને તાના-રીરી નામ અપાયા. સંગીત નૃત્યમાં ગાંધર્વ સમી આ બે કન્યાઓએ સંગીતની આકરી આરાધના કરીને રાગ-રાગિણીઓનો ભક્તિભાવથી સાક્ષાત્કાર કર્યો. બંને બહેનોએ ભૈરવ, વસંત, દિપક અને મલ્હાર જેવા રાગોને આત્મસાત કર્યા હતા.

અકબરના દરબારના નવ રત્નોમાંના એક સંગીત સમ્રાટ તાનસેને બાદશાહની આજ્ઞાને વશ થઈને દિપક રાગ ગાયો. રાગ ગાતા દિપક પ્રગટ્યા પણ સાથોસાથ તાનસેનના શરીરમાં અંગારા સળગાવ્યા હોય તેવી ઝાળ લાગી. આ





અગનઝાળનો એકમાત્ર ઉપાય રાગ મલ્હાર હતો. હવે મલ્હાર રાગના ગાયકની શોધમાં નીકળેલા તાનસેન ફરતા ફરતા વડનગર આવી પહોંચ્યા. અહીં શર્મિષ્ઠા તળાવને કિનારે મુકામ કર્યો ત્યારે પાણી ભરવા આવેલી તાના-રીરીના ઘડામાં પાણી ભરાતા જે સૂર ઉઠ્યા તેમાં તાનસેનને મલ્હારના સૂર સંભળાયા. તાનસેને તાના-રીરીને મલ્હાર રાગ છેડવા વિનંતી કરી. બંને બહેનોએ પિતાની સંમતિ લઈ હાટકેશ્વર મંદિરમાં રાગ મલ્હાર ગાવાની તૈયારી કરી.

તાના અને રીરી એ રાગ મેઘમલ્હારના સ્વરો છેડ્યા, થોડી જ વારમાં મેઘ વરસી પડ્યો અને તાનસેનના તન-મનમાં શાંતિ થઈ. દિલ્હી પાછા ફરીને તાનસેને અકબરને બધી કથા કહી. આથી, અકબરે બંને બહેનોને દિલ્હી લાવવા સેનાપતિઓને વડનગર મોકલ્યા, પરંતુ જ્યારે બંને બહેનોએ દિલ્હી જવાની ના પાડી ત્યારે સેનાપતિઓએ બળજબરી કરી. આ દબાણને વશ ન થતાં લાંબા મનોમંથન બાદ, ઈષ્ટદેવની આરતી કરી, સૌભાગ્ય શણગાર સજી મહાકાળેશ્વર મહાદેવની પાછળ આવેલા સ્મશાનમાં તાના અને રીરીએ અગ્નિ સ્નાન કરી લીધું. ત્યાં તાના-રીરીના પ્રતિક રૂપે બંને બહેનોની દેરી તેના બલિદાનની સાક્ષી પૂરે છે.

તાનસેનને જ્યારે આ દુ:ખદ ઘટનાની જાણ થઈ ત્યારે તેને ઘણો જ આઘાત લાગ્યો અને તાના-રીરીના માનમાં નોમ... તોમ... ઘરાનામાં જોડી જગતભરમાં પ્રસિદ્ધ કર્યા. આજે પણ સંગીતજ્ઞો રાગનો આલાપ કરતાં પહેલાં નોમ... તોમ.... તાના-રીરી....નોમ....તોમનું સ્મરણ કરીને ગાયકી શરૂ કરે છે.

શું અદ્‌ભૂત કલા...અદ્‌ભુત બલિદાન અને અદ્‌ભુત સુરાંજલી...આ બે મહાન ગાયિકાઓને અમર કરી જનાર સંગીતને જીવંત રાખવા ગુજરાત સરકાર ખૂબ ભવ્યતાથી દર ત્રણ વર્ષે તાના-રીરી મહોત્સવનું આયોજન કરે છે.







તાના-રીરી મહોત્સવ-૨૦૧૮
તાના-રીરી મહોત્સવ-૨૦૧૮


તાના-રીરી મહોત્સવ-૨૦૧૮

# કાંકરિયા કાર્નિવલ
## (અમદાવાદ)



કૃષિ અને ઔદ્યોગિક વિકાસની સાથે સાથે ગુજરાતના પ્રવાસન ક્ષેત્રનો વિકાસ પણ થઈ રહ્યો છે. ગુજરાતના પ્રવાસન સ્થળોના વિકાસ અને પ્રચાર માટે અનેક કાર્યો થઈ રહ્યાં છે. સમગ્ર ભારતમાંથી હેરિટેજ સિટી તરીકે લોકપ્રિય બનેલું અમદાવાદ શહેર પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યું છે. એમાં પણ કાંકરિયા લેક ફ્રન્ટની કાયાપલટ અને ડિસેમ્બર માસના અંતિમ અઠવાડિયામાં યોજાતો કાંકરિયા કાર્નિવલ એ શહેરના આકર્ષણોમાં શિરમોર રહ્યો છે.

અમદાવાદના સૌથી મોટા કાંકરિયા તળાવનું બાંધકામ ૧૫મી સદીમાં સુલતાન કતુબુદ્દિને કરાવ્યું હતું. જે ''હોજે કુતુબ'' તરીકે પ્રખ્યાત થયું. તળાવનો ઉપયોગ સુલતાન પોતાના સ્નાન માટે કરતાં. ત્યારબાદ ત્યાં ફરતે ચાલવા માટે સુંદર માર્ગ અને નગીનાવાડી નામક બગીચાનું નિર્માણ કરવામું આવ્યું. તળાવમાં પાણી સુધી પહોંચવા માટે ૩૪ પગથિયાનું પણ નિર્માણ કરાયું હતું. કાળક્રમે બધુ બદલાતું ગયું, ઘસાતું ગયું. વર્ષ ૨૦૦૮માં ૨૫મી ડિસેમ્બરે નવા રૂપરંગ ધારણ કરેલા કાંકરિયા લેકફ્રન્ટના ઉદ્દ્ઘાટન સમયે કાંકરિયા કાર્નિવલ ઉત્સવનો પ્રારંભ કરાયો. જે આજપર્યંત દર વર્ષે યોજાય છે.

કાંકરિયામાં તળાવ ઉપરાંત પણ અનેક આકર્ષણો પ્રવાસીઓને આકર્ષે છે. જેમ કે કમલા નહેરુ ઝૂઓલોજીકલ પાર્ક કે જેની ઈ.સ. ૧૯૫૧માં ૨૧ એકર જેટલી વિશાળ જગ્યામાં શ્રી રૂબિન ડેવિડે પ્રાણી સંગ્રહાલયની સ્થાપના કરી. ૧૯૭૪માં એશિયાના સૌથી શ્રેષ્ઠ પ્રાણીસંગ્રહાલય તરીકે સન્માનિત કરાયું. આ જ વર્ષે શ્રી રૂબિન ડેવિડને પદ્મશ્રી આપી સન્માનિત કરાયાં. કાંકરિયામાં બાલવાટિકાનો જવાહરલાલ નહેરુ ઉદ્યાન નામ અપાયું છે. જ્યાં પતંગિયા ઉદ્યાન, મીરરહાઉસ, બુટ હાઉસ, રમકડાં ઘર અને પ્લેનેટોરિયમ વગેરે બાળકોને



સ્વર્ગ સમા લાગે છે. તદ્ઉપરાંત કિડ્સ સીટી, તળાવ ફરતે ૪.૫ કિ.મી. રસ્તાને સાંકળતી અને ૧૫૦ પ્રવાસીઓને સમાવતી ટોયટ્રેન, નગીના વાડીના મ્યુઝીકલ ફાઉન્ટેન, ભારતના સૌથી મોટા સ્ટોન મુરલ પાર્ક જેને ગુજરાત ગૌરવ ગાથાનું નામ અપાયું છે તથા નોકટર્નલ જેવા આકર્ષણ ફક્ત બાળકો જ નહીં મોટાઓને પણ ભરપૂર આનંદિત કરે છે.



આ સાથે મોજ-મસ્તીના અનેક સંશાધનોમાં વર્ષ ૨૦૧૦માં તિથર્ડ હિલીયમ બલૂન સફારીની વધુ એક કલગી ઉમેરાઈ છે. અમદાવાદ મહાનગરપાલિકાએ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ મેસર્સ સ્કાયવન્ડર્સ કંપનીના સહયોગ-સંચાલનમાં તિથર્ડ હિલીયમ બલૂન સફારીનો દેશનો પહેલો પ્રોજેક્ટ રૂપિયા ૧૦



કરોડના ખર્ચે પંદર જ મહિનામાં કાર્યાન્વિત કરી કાંકરિયામાં ત્રણ હજાર ચોરસ મીટર જમીન ઉપર આ બલૂન સફારીની અનન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

અમદાવાદની પ્રવાસન વિરાસતમાં અણમોલ નજરાણું બનેલું તિથર્ડ બલૂન શહેરીજનોની અને પ્રવાસીઓની સહુલીયત માટેનું નવતર સોપાન છે. (આ તકે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ દર વર્ષે ગુજરાતના ગરીબી રેખા હેઠળના પરિવારોના વંચિત વર્ગોના પાંચ હજાર જેટલા બાળકોને બલૂન સફારીની વિના મૂલ્યે સહેલ કરાવવાની જાહેરાત કરી બાળકોને અમૂલ્ય ભેટ આપી હતી.) કાંકરિયાના નવા સંસ્કરણ પછી એક કરોડ પર્યટકોએ આ સ્થળની મુલાકાત લીધી છે. જે કાંકરિયાના આકર્ષણને ઉજાગર કરે છે. દેશના વડા પ્રધાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાંકરિયાને 'બાળકોનું પાટનગર' એવું બિરૂદ આપ્યું છે.







પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. ● પ્રોસેસિંગ અને મુદ્રણ:સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.